
॥ સ્વામિશ્રીજી ॥

Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

ઑગસ્ટ ૨૦૨૫ ✻ વર્ષ ૪૦ ✻ અંક ૫




ગુરુદેવ હે પ્રાણપ્યારા અમારા,
જુગ જુગ જયકાર તારા...

તારાં વચન હો જીવન અમારાં,
વંદન એ સાચાં અમારાં !

સ્વામિશ્રીજી












ગુજરાતી ભાષા સમજી ન શકતાં યુવાન દીકરા-દીકરીઓએ યુવાશિબિર દરમિયાન એકાગ્રતાપૂર્વક પોતાની નોંધપોથીમાં 'SWAMINARAYAN' મહામંત્રનાં લેખન કર્યાં!

# દિવ્ય યુગે નવ યુવા ઉદય પામે છે...

ભગવાનનું કાર્ય કરવા માટે ભગવાન જ પોતાની સર્વ શક્તિ સાથે પોતાનાં ચૈતન્યોને આ પૃથ્વી પર મનુષ્યદેહ ધારણ કરાવી મોકલે છે. આવાં ચૈતન્યોને આપણે "પૂર્વનાં ચૈતન્યો", "ભગવાનના સંબંધવાળા શક્તિશાળી આત્મા" કે "ભગવાનનું કાર્ય કરવા જ જન્મ ધારણ કરેલાં ચૈતન્યો" રૂપે જોઈએ છીએ, સંબોધીએ છીએ.

આ વખતે યુનાઈટેડ સ્ટેટ્સની યાત્રા દરમિયાન આવા અનેક અક્ષરમુક્તો અને સવિશેષ રૂપે યુવાન દીકરા-દીકરીઓનાં નજીકથી દર્શન કરવાનાં, તેઓની દિવ્ય જીવનભાવના અને ગુરુહરિ સાહેબજીને રાજી કરવાના તેઓના ઉમંગનાં પ્રેરણાદાયી દર્શન થયાં. ખાસ તો યુનાઈટેડ સ્ટેટ્સના વૅસ્ટ કૉસ્ટ (પશ્ચિમી કિનારા)નાં રાજ્યોનાં સત્સંગી દીકરા-દીકરીઓની સૌ પ્રથમ યુવાશિબિર-'સાહેબજી યૂથ શિબિર', લૉસ ઍન્જલસ (૧થી ૪ જુલાઈ) અને ૩૧મો 'યોગી યૂથ કૅમ્પ', ઍલનટાઉન (૧૩થી ૧૯ જુલાઈ) દરમિયાનની યુવાશિબિરોમાં સત્સંગી પરિવારોનાં અમૅરિકામાં જન્મેલાં, ભણતાં, ઊછરતાં દીકરા-દીકરીઓની સર્જનશીલ શક્તિઓને પ્રભુનાં કાર્યોમાં, ગુરુહરિ સાહેબજીને રાજી કરવાના ઉમંગથી ખીલતી જોઈ ગુરુહરિ સાહેબજી, સદ્‌ગુરુઓ પૂજ્ય શાંતિદાદા, પૂજ્ય અશ્વિનદાદાના મહિમા, તેઓનાં અધ્યાત્મસિંચન, પ્રાર્થના-સંકલ્પની શક્તિ અને જીવનતપનાં માહાત્મ્યનાં અદ્‌ભુત દર્શન થયાં.

ઉપરોક્ત બંને યુવાશિબિરો-'સાહેબજી યૂથ શિબિર', લૉસ ઍન્જલસ (જે પ્રથમ વખત આયોજિત થઈ) અને છેલ્લાં ત્રીસ વર્ષથી યોજાતા 'યોગી યૂથ કૅમ્પ', ઍલનટાઉનનાં સમગ્ર આયોજન - વિષય, વ્યવસ્થા અને સઘળાં સંચાલન યુવાન દીકરા-દીકરીઓની ટીમ દ્વારા જ થયાં. તે સફળ થયાં એટલું જ નહીં; સંપ, સુહૃદભાવ, એકતાના અડીખમ પાયા અને કસોટીમાંથી પસાર થઈ ઝળહળતી સફળતા સાથે સંપન્ન થયાં.

આ બંને યુવાશિબિરોના શિબિરાર્થીઓમાં લગભગ ૨૦% શિબિરાર્થી દીકરા-દીકરીઓ પહેલી વખત શિબિરમાં સહભાગી થયાં હતાં. આવાં શિબિરાર્થીઓ યુવાશિબિર સંપન્ન કરી જ્યારે પોતાના ઘરે પરત પહોંચ્યાં અને તેઓના દૈનિક જીવનમાં ઘરમાં માતા-પિતા અને વડીલોએ પોતાનાં દીકરા-દીકરીઓમાં સત્સંગ, સેવા, વડીલો પ્રત્યે આદર, પ્રાર્થના અને સંસ્કારયુક્ત વર્તનનાં પરિવર્તન નિહાળ્યાં ત્યારે આ સૌ માતા-પિતા અને વડીલોએ પણ ગુરુહરિ સાહેબજી પ્રત્યે ધન્યભાવે નતમસ્તકે વંદન ધર્યાં.

સદ્‌ગુરુ શાંતિદાદા, સદ્‌ગુરુ અશ્વિનદાદા અને તેઓનાં માર્ગદર્શને યોગીજી મહારાજના હૃદયરૂપ ભગવા હૃદયના સાધુ અને યુવાઓએ સ્વસ્થ, સંસ્કાર, સત્સંગ અને ભક્તિસભર સમાજનાં નિર્માણમાં જે અપ્રતિમ યોગદાન છેલ્લાં પચાસ વર્ષમાં અર્પણ કર્યાં છે, જે અમૃત સત્ત્વનાં બીજ વાવ્યાં છે અને તેનાં જતન કરી ખીલવ્યાં છે તેનાં દર્શનની ઝાંખી આપણી યુવાશિબિરોમાં વિશેષરૂપે થાય છે.

આ ઝાંખીનું એક જ ઉદાહરણ આપું.

ઍલનટાઉનના 'યોગી યૂથ કૅમ્પ'માં ૯૦% જેટલાં યુવાન શિબિરાર્થી દીકરા-દીકરીઓ અમૅરિકામાં જન્મ્યાં, ભણ્યાં હોઈ ગુજરાતી વાંચી, લખી કે સરખું સમજી શકતાં નથી તે સમજી શકાય તેવી વાત છે. કૅમ્પ દરમિયાન અનેક વડીલ સંતોનાં પ્રવચન ગુજરાતીમાં થયાં. આ પ્રવચનો દરમિયાન ગુજરાતી ભાષા સમજી ન શકતાં હોય તેવાં આ દીકરા-દીકરીઓ ચીવટપૂર્વક પોતાની નોટમાં નોંધ લખી રહ્યાં હતાં. તે જોઈ આશ્ચર્ય પામ્યા. વિનમ્રતાપૂર્વક જ્યારે આ દીકરાઓ-દીકરીઓની નોંધપોથી જોવા માંગી, જોઈ ત્યારે તો આશ્ચર્ય અને આનંદ સાથે ગુરુહરિ સાહેબજી, સદ્‌ગુરુ અશ્વિનદાદા અને સદ્‌ગુરુ શાંતિદાદાનાં અનુપમ અધ્યાત્મકાર્ય પ્રતિ નતમસ્તક થયાં. સંતોનાં ગુજરાતી ભાષામાં અપાતાં પ્રવચનો દરમિયાન ગુજરાતી ભાષાને ન સમજતાં આ દીકરા-દીકરીઓ પોતપોતાની નોંધપોથીમાં અંગ્રેજીમાં 'SWAMINARAYAN... SWAMINARAYAN' મહામંત્ર લખી રહ્યાં હતાં !

નવા દિવ્ય યુગના આરંભની આ દિવ્યતા ગુરુહરિ યોગીજી મહારાજના આશીર્વાદ, ગુરુહરિ સાહેબજીની તપસ્યા અને સદ્‌ગુરુઓ અશ્વિનદાદા, શાંતિદાદાનાં અધ્યાત્મસિંચનને આભારી છે. ◆

સા.મ...

~ સાધુ મનોજદાસ

॥ સ્વામિશ્રીજી ॥



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા પ્રથમ ૭૧ : 'ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત વિરાજે છે'નું નિરૂપણ**

**૨૨ એપ્રિલ ૨૦૨૪, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી**

**શ્રીજીમહારાજ** બોલ્યા જે, **'બીજા સર્વે અપરાધ માફ કરે છે, પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને ભગવાન માફ નથી કરતા; માટે ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ કરવો નહીં.'**

આમ જોવા જઈએ તો આપણે રોજબરોજ વિચાર, વાણી ને વર્તનથી ભગવાન રાજી ન થાય એવું ઘણું બધું વર્તતા હોઈએ છીએ; છતાં એની સામું ભગવાન જોતા નથી, ભગવાન એ બધું માફ કરી દે છે. અને એટલે તો આપણે હસતા-રમતા, ખેલતા-કૂદતા આનંદ માણીએ છીએ. તેઓ ઉદાર છે, દયાળુ છે, અધમોદ્ધારણ છે, પતીતપાવન છે, દયાના સિંધુ છે; પણ ભક્તનો દ્રોહ કરે તો તે દોષ ભગવાન માફ નથી કરતા.

ભક્તનો દ્રોહ કરવો એટલે શું ? ભક્તનો અવગુણ લેવો, ભાવફેર-માથાકૂટની વાતો કરવી-સાંભળવી, એને ફજેત કરવો, એનાથી કંઈ ખોટું વર્તાઈ ગયું હોય તો એને ચહેરીને લોકોમાં પ્રસાર કરવો એ ભક્તનો દ્રોહ કર્યો કહેવાય; અને એ ભગવાનને જરાય નથી ગમતું એટલે એ ના કરીએ. જાગા સ્વામીએ બ્રહ્મસૂત્ર આપ્યું, 'પારકો આકાર, પારકો દોષ અને પારકી ક્રિયા જોવી નહીં. ને જો જોવાનું મન થાય તો પોતાનો આકાર, પોતાની ક્રિયા અને પોતાના દોષ જોવા.' આવું જીવીએ તો બીજાના દોષ જોવાનું મટી જશે. એટલે ભગવાને ભગવાનના ભક્તને પારકાના દોષ, પારકાની ક્રિયા, પારકાના આકાર જોવાની ના પાડી છે. એ અપરાધ ભગવાન માફ નથી કરતા. માફ નથી કરતા એટલે પ્રારબ્ધ બંધાઈ જાય.

ભગવાનના ભક્તે ભગવાનનો આશરો કર્યા પછી હથેળીની તેની બધી રેખાઓ ભૂંસાઈ ગઈ. છઠ્ઠીના લેખ ગમે તેવા લખાયા હોય તો એના ઉપર મહારાજ ડસ્ટર ફેરવી દે એટલે સાફસૂફ થઈ જાય. આપણું પ્રારબ્ધ ભગવાન થઈ જાય. જેનું પ્રારબ્ધ ભગવાન થઈ જાય એના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ ને આનંદ જ હોય. છતાં આપણને એવું નથી થતું એનું કારણ કે ભગવાનના ભક્તને વિશે ભાવફેર કરીએ છીએ. વિચારમાં, બોલવામાં ને સાંભળવામાં આપણે આ જે કરીએ છીએ એ આપણું પ્રારબ્ધ બની જાય છે. ભગવાન કહે, 'એ પ્રારબ્ધ તો તમારે ધોવું જ પડશે.' પણ એ પ્રારબ્ધ ધોવાય કેવી રીતે ? તો, ભજન-પ્રાર્થના-સેવા કરીને. એટલે આપણને નિયમ આપ્યો છે કે, અડધો કલાક દરરોજ ધૂન કરવી. આખા દિવસમાં જાણે-અજાણે ભગવાનના ભક્તનો દ્રોહ કે અપરાધ થઈ ગયો હોય તો અડધો કલાક ધૂન કરીએ તો એ સાફ થઈ જાય, પ્રારબ્ધ ઓગળી જાય ને ભગવાન એ માફ કરી દે.

**'અને વળી, ભગવાનના સર્વે અપરાધ થકી જે ભગવાનના આકારનું ખંડન કરવું એ મોટો અપરાધ છે, તે માટે એ અપરાધ તો ક્યારેય પણ કરવો નહીં. અને એ અપરાધ કરે તો એને પંચ મહાપાપ કરતાં પણ અધિક પાપ લાગે છે.'**

એનાથી મોટો અપરાધ એ ભગવાનને નિરાકાર કહેવા એ છે. મોટાંમાં મોટાં પાંચ પાપ છે, પણ ભગવાનને નિરાકાર કહે તો એ એના કરતાંય મોટો અપરાધ કહેવાય. ભગવાન સદાય સાકાર છે ! શ્રી રામરૂપે ભગવાન પ્રગટ થયા, શ્રી કૃષ્ણરૂપે ભગવાન પ્રગટ થયા, શ્રી સ્વામિનારાયણ ભગવાનરૂપે પ્રગટ થયા. મારા-તમારા જેવા માનવ દેહમાં ભગવાન પ્રગટ થયા એટલે કે ભગવાનનો આકાર છે. મનમાં શ્રી રામચંદ્ર ભગવાનની મૂર્તિ સંભારો એટલે ધનુષ-બાણ સાથે ભગવાન ઊભા રહેલા દેખાય. શ્રી કૃષ્ણ

પરમાત્માની સ્મૃતિ કરો એટલે સુદર્શનચક્રધારી અને મહારાજની મૂર્તિ ધારો એટલે મહારાજ આવીને ઊભા રહે. આમ, ભગવાન માનવ આકારમાં પ્રગટ છે અને એને કોઈ કહે કે, ભગવાન નિરાકાર છે – એમનો કોઈ આકાર જ નથી; તો એ જેવો કોઈ મોટો અપરાધ નથી. ભગવાન એ તો કદી ચલાવી જ ના લે. એનું મોઢું જોવાનું પણ ભગવાનને મન ના થાય.

**અને ભગવાન તો સદા સાકારમૂર્તિ છે, તેને જે નિરાકાર સમજવા એ જ ભગવાનના આકારનું ખંડન કર્યું કહેવાય છે. અને પુરુષોત્તમ એવા જે ભગવાન તે જે તે કોટિ સૂર્ય, ચંદ્ર સરખું તેજોમય એવું પોતાનું અક્ષરધામ તેને વિષે સદા દિવ્યાકાર થકા વિરાજમાન છે અને બ્રહ્મરૂપ એવા જે અનંત કોટિ મુક્ત તેમણે સેવ્યાં છે ચરણકમળ જેનાં એવા છે. અને પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે એ ભગવાન તે જ પોતે કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે પ્રકટ થાય છે, ત્યારે જે જે તત્ત્વનો અંગીકાર કરે છે તે સર્વે તત્ત્વ બ્રહ્મરૂપ છે; કાં જે, રામકૃષ્ણાદિક અવતારને વિષે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તે જણાય છે તથા દસ ઇન્દ્રિયો, પંચ પ્રાણ ઇત્યાદિક સર્વે તત્ત્વ મનુષ્યની પેઠે જણાય છે, પણ એ સર્વે બ્રહ્મ છે પણ માયિક નથી. તે માટે એ ભગવાનના આકારનું ખંડન ક્યારેય પણ ન કરવું.'**

ભગવાને જે જે વસ્તુ ધારણ કરી એ પણ દિવ્ય છે, બ્રહ્મ છે એટલે પછી એમના આકારનું ખંડન થાય જ નહીં. તેઓ જે રથ પર બેઠા તે રથ દિવ્ય છે, તેઓ જે ઘોડો લઈને ગયા એ ઘોડો દિવ્ય છે, એમણે જેમનો હાથ પકડ્યો એ પછી ગોપીઓ હોય, અર્જુન હોય કે યાદવો હોય એ બધાં દિવ્ય છે. એમ, ભગવાને બધાંને ગ્રહણ કર્યાં છે, બધાંનો સ્વીકાર કર્યો છે; કહેવાનો મતલબ એવો છે કે એ સૌ પણ દિવ્ય છે.

રાજાનો દીકરો રાજકુમાર કહેવાય. પછી સાવ ડોબા જેવો હોય તોય એને રાજકુમાર જ કહેવાય. ડોબો કહેવાય ? ના કહેવાય. ડોબા જેવો હોય તોય તેને સલામ કરો છો. તમે જુઓ તો રાજાનો છોકરો રાજા, પટેલનો છોકરો પટેલ, બ્રાહ્મણનો છોકરો બ્રાહ્મણ; એમ, બ્રહ્મસ્વરૂપ એવા સાધુએ જેમને ગ્રહણ કર્યા, પરબ્રહ્મ પરમાત્માનો જેમને આશરો હોય એ બધા પણ બ્રહ્મરૂપ થયા કહેવાય, બ્રહ્મજ્ઞાતિના થયા કહેવાય.


બ્રાહ્મણ જ્ઞાતિના બધા બ્રહ્મ કહેવાય, પણ ભગવાનના આશ્રિત હોય એ ખરા બ્રહ્મ ! પુરુષોત્તમ નારાયણનું પરબ્રહ્મતત્ત્વ જેમણે ધારણ કર્યું છે એવા બ્રહ્મસ્વરૂપ સાધુને આશરે રહીને ભક્તિ કરે એ બધા બ્રહ્મ ! આપણે બધા બ્રહ્મની જ્ઞાતિના છીએ. તો બ્રહ્મરૂપ એવા ભગવાનના ભક્તને વિશે ભાવફેરમાં પડાય જ ક્યાંથી ? આ આપણે બોલીએ છીએ ખરા, પણ માનતા નથી અને વર્તનમાં નથી એટલે દૈવત આવતું નથી. યોગીજી મહારાજ બ્રહ્મસ્વરૂપ સાધુ હતા. એનું લક્ષણ શું ? તો મને-તમને-સર્વને બ્રહ્મની મૂર્તિઓ દેખતા એટલે બ્રહ્મસ્વરૂપ હતા. મોટા પુરુષોને જોઈએ તો તેઓ આપણને સૌને દિવ્ય માને છે તો તેઓ દિવ્ય થઈ ગયા. એમ, આપણે પ્રૅક્ટિસ કરીએ કે, સામે જેઓ મળે એમનામાં પ્રભુ બિરાજમાન છે એની સામું જુઓ, એમના દેહ સામું ના જુઓ. એમના સંબંધ સામું જુઓ, એમની ક્રિયા સામું ના જુઓ. પ્રભુના આશ્રિત છે ને ! એ જુઓ તો પછી બીજું કશું દેખાશે નહીં.

**પછી માતરે ધાધલે પ્રશ્ન પૂછ્યો જે, 'ઈર્ષ્યાનું શું રૂપ છે ?' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, જેની ઉપર જેને ઈર્ષ્યા હોય તેનું રૂડું થાય ત્યારે તેથી ખમાય નહીં અને તેનું ભૂંડું થાય ત્યારે રાજી થાય, એ ઈર્ષ્યાનું લક્ષણ છે.'**

જેમના ઉપર ઈર્ષ્યા હોય એનું રૂડું થાય તો ખમાય નહીં અને એમનું ખરાબ થાય તો રાજી થઈએ તો માનવું કે એમને વિશે આપણને ઈર્ષ્યા છે. બીજા કોઈ સાથે લેવાદેવા નથી, પણ જેમની સાથે કૉમ્પિટિશન હોય એની ઈર્ષ્યા થાય. એક ઈર્ષ્યાએ કરીને ભૂંડું થાય ને બીજું માને કરીને ભૂંડું થાય. મોટે ભાગે સ્ત્રીઓને ઈર્ષ્યા નડે ને પુરુષોને માન નડે એવું શાસ્ત્રોમાં કહેવાયું છે.

જેનું પ્રારબ્ધ
ભગવાન થઈ જાય
એના જીવનમાં
સુખ, શાંતિ, સમૃદ્ધિ ને આનંદ જ હોય.





> બ્રહ્મસ્વરૂપ
> એવા સાધુએ જેમને ગ્રહણ કર્યા,
> પરબ્રહ્મ પરમાત્માનો જેમને આશરો હોય
> એ બધા પણ બ્રહ્મરૂપ થયા કહેવાય,

અલૈયા ખાચરે ૨૦૦૦ જણાને સત્સંગ કરાવ્યો હતો અને કોથળો ભરીને પ્રસાદ ખાઈ ગયા હતા, પણ માનને લીધે શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિશે ભાવફેર થયો તો સત્સંગ છોડીને જતા રહ્યા. મછિયાવનાં ફોઈબા-શ્રી સ્વામિનારાયણ ભગવાન એમને 'ફોઈબા' કહેતા એટલે તેઓ આખા સત્સંગમાં 'મછિયાવનાં ફોઈબા' તરીકે જાણીતાં હતાં. તેઓ શ્રી સ્વામિનારાયણ ભગવાનને પુરુષોત્તમ નારાયણનું સ્વરૂપ માનીને ભજતાં. શ્રી સ્વામિનારાયણ ભગવાન એમના પર એટલા બધા રાજી કે, દર વર્ષે ૫૦-૬૦ સંતોને લઈને એમના ઘરે જાય. ત્યારે ફોઈબા આગતા-સ્વાગતા કરે, ધામધૂમ કરી આખું ગામ જમાડે. પછી એમનો દીકરો પરણ્યો ને એની વહુ બહુ ભક્તિવાળી, ચબરાક ને હોનહાર હતી. પહેલાં બધાં ફોઈબાનાં વખાણ કરતાં હતાં, વહુના આવ્યા પછી એમની વહુનાં બધાં વખાણ બહુ કરતાં કે, વહુ સારી છે, બહુ ભક્તિવાળી છે. ફોઈબા એનાં વખાણ ખમી ના શક્યાં, પચાવી ના શક્યાં, તેમને થયું કે, મારા કરતાં મારી વહુ બહુ મોટી ભક્તિવાળી નીકળી, એટલે એમને એને વિશે ઈર્ષ્યા થઈ. એમને વહુ જોડે ઝઘડા થાય. શ્રી સ્વામિનારાયણ ભગવાન ને સંતો આવે ત્યારે વહુને સેવા કરવા આવવા જ ના દે કે જેથી કોઈ તેને વખાણે નહીં.

એક વખત શ્રી સ્વામિનારાયણ ભગવાન મછિયાવ ગયા ને બધા સંતો જમવા બેઠા. આ જાણીતો પ્રસંગ છે. મહારાજે નજર ફેરવી તો એમના દીકરાની વહુને જોઈ નહીં એટલે મહારાજે પૂછ્યું, 'તમારાં વહુ ક્યાં છે ?' શ્રી સ્વામિનારાયણ ભગવાન મછિયાવ જવાના હતા એના બે દિવસ પહેલાં ફોઈબાએ વહુને બે-પાંચ કિલોમીટર દૂર એનું પિયર હતું ત્યાં પિયર રવાના કરી દીધી હતી. મહારાજે પૂછ્યું એટલે ફોઈબાએ કહ્યું કે, 'મહારાજ એનું નામ ના લેશો. એ એના પિયર ગઈ છે.' મહારાજ કહે, 'આવો મોટો સમૈયો છે, અમે આટલા બધા સંતો, આટલા બધા ભક્તોને લઈને પધાર્યા છીએ ને તમે વહુને કાઢી મૂકી ?' ત્યારે ફોઈબા કહે, 'મહારાજ એ એને જ લાયક છે, એને બોલાવશો નહીં.' મહારાજ કહે, 'ના એને બોલાવો. તેનું પિયર બે-પાંચ કિલોમીટર જ દૂર છે તો કોઈ ઘોડેસવારને મોકલો તો હમણાં ૧૦-૧૫ મિનિટમાં આવી જશે.' ત્યારે ફોઈબા કહે, 'ના, એને નથી બોલાવવી.' મહારાજ કહે, 'તમે એને નહીં બોલાવો તો અમે જમીશું નહીં.' તો ફોઈબા કહે, 'મહારાજ તમે સાક્ષાત્ ભગવાન છો, કૃપાળુ છો, દયાળુ છો; તમારે જે કરવું હોય તે તમે કરો, પણ હું આજે વહુને બોલાવવાની નથી, નથી ને નથી જ.' એટલે મહારાજ કહે, 'ચાલો સંતો આપણે જમવું નથી. આ ઘરનું અન્ન આપણને ખપે નહીં.' એમ કહી, મહારાજ સંતો, પરમહંસો, ભક્તો સાથે ત્યાંથી નીકળી ગયા, પણ ફોઈબા ટસનાં મસ ના થયાં. એમણે વહુને બોલાવ્યાં જ નહીં. ત્યાર પછી મહારાજ મછિયાવ ગયા જ નહીં. મહારાજ નથી ગયા એટલે આજની તારીખે મછિયાવ કોઈ સાધુ પણ જતા નથી. ઈર્ષ્યાને કારણે ભગવાનને છોડી દીધા.

વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે શ્રી સ્વામિનારાયણ ભગવાન વિદ્વાન છે, સાકાર પ્રભુ અહીંયાં પ્રગટ છે એવું પ્રતિપાદન કર્યું. એટલે ત્યાંના વિદ્વાન બ્રાહ્મણોએ કહ્યું, 'અમારી સાથે શાસ્ત્રાર્થ કરે પછી સ્વીકારીએ.' એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાનને મહારાજાએ કહેવડાવ્યું કે, 'તમે થોડા સંતોને શાસ્ત્રાર્થ કરવા માટે મોકલો.' એટલે આપણા પરમહંસો ગયા. સયાજીરાવ ગાયકવાડના દરબારમાં સંતોની જીત થઈ, વડોદરાના મહારાજના દરબારમાં એ સંતોએ ભગવાન સાકાર છે, માનવરૂપે પ્રગટ છે એ પ્રતિપાદિત કર્યું અને જયજયકાર થયો. એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાને વડતાલમાં એ સંતોનું સ્વાગત કર્યું. ત્યારે ઘણા વિદ્વાન સંતો કહે, 'એમાં શી ધાડ મારી ? અમને મોકલ્યા હોત તો અમે પણ વિજયી થઈને આવત.' ત્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાન બોલ્યા, 'આ ખમી નથી શકાતું એ ઈર્ષ્યા છે.' એને બદલે એમણે એવું કહેવું જોઈએ કે, ધન્ય છે આ સંતોને ! ધન્ય છે મહારાજને ! કે, એમના દ્વારા સયાજીરાવ ગાયકવાડને ત્યાં આપણા સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રતિષ્ઠા વધી, શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિશે સયાજીરાવ ગાયકવાડને પ્રભુપણાનો ભાવ સ્થાપિત કર્યો; તો ઈર્ષ્યાનો ભાવ ટળી જાત.

એમ, આ નાના નાના સંતો સરસ જીવતા હોય ને વખાણ કરવામાં આવે તો જૂના સંતોને એમ થાય કે, અમે શું અત્યાર સુધી ડોલકાં છોલ્યાં હતાં ? એના બદલે એવું માનવું કે, ધન્ય છે આજકાલના આ

જુવાનિયાઓને ! પૂર્વના જબરજસ્ત મુક્તો હશે કે, આવીને તરત આવા સુંદર ભક્તિમાં રચ્યાપચ્યા છે. કથાવાર્તા, ધૂન-ભજન-પ્રાર્થના એમનું જીવન છે. આ યુવાન સંતોને ધન્ય છે, ધન્ય છે ! તો ઈર્ષ્યાનો ભાવ ટળી જાય. નહીં તો એ ચહેરાયા કરે ને નાબૂદ કરવા માટે ફરી પાછું આવવું પડે.

એટલે મહારાજે ઈર્ષ્યાનું રૂપ બતાવ્યું કે, બીજાનાં વખાણ થાય, બીજાને આગળ કરે કે બીજા માટે સારું બોલે તો ખમી ના શકે એ ઈર્ષ્યા. બીજાનું ખરાબ બોલે તો ખુશ થાય એ ઈર્ષ્યા. ઈર્ષ્યાને પોતે જ ઓળખવાની કે, કોઈનાં વખાણ થાય એમાં મને કેમ નથી ગમતું ? તો એના માટે આપણને ઈર્ષ્યા છે. તો એ બાબતને પકડીને ધૂન કરીએ કે, મહારાજ આ જે મારો ભાવ છે એ ટાળી દો. કેવળ તમારા ભાવમાં રહેવું છે, સૌના ગુણ જોવા છે, ગુણ ગાવા છે, ગુણ સાંભળવા છે. અને નાનો અમથો આજકાલનો આવેલો હોય એનેય તમે સ્વરૂપ તરીકે વખાણો, એને સ્વરૂપ તરીકે ઊંચે બેસાડો એનો સ્વીકાર કરીએ એ મારી તમારા તરફની ભક્તિ છે. એવા ભાવથી જો આપણે ભક્તિ કરીએ તો ઈર્ષ્યાનો ભાવ છૂટી જાય; મહારાજને એ કહેવું છે.

બ્રહ્માનંદ સ્વામી ને મુક્તાનંદ સ્વામી તે બેઉ શિષ્યોના કારણે બાખડ્યા. તે મહારાજે ભેગા કરીને 'કારિયાણી ૯-પાડાખારનું' વચનામૃત સમજાવ્યું. અંદરોઅંદર એકબીજાનાં ગુણગાન ગાવાં, સાંભળવાં; એ સહન ના કરી શકીએ એ ઈર્ષ્યા છે, માન છે, કો'ક અહંકાર છે. અને એને ઓળખાવવો એ ભગવાનનું કામ છે. એને ઓળખીએ ને જ્યારે એવું કંઈક થાય ત્યારે પોતાનો દોષ જોઈ, એને ક્યૉર કરવા માટે ધૂન કરીને ભગવાનને પ્રાર્થના કરીએ તો ક્યૉર થઈ જાય.

ડૉક્ટર પાસે જાવ તો ડૉક્ટર તમારા શરીરનો જે પાર્ટ સારો છે એને ચૅક ના કરે. પણ જે પાર્ટમાં દુઃખાવો છે, જે પાર્ટમાં તમને પ્રૉબ્લેમ છે એ પાર્ટનો ઍક્સ-રે લઈ, એમ.આર.આઈ. કરી, ડાયોગ્નાઈઝ કરી એ પાર્ટને સુધારવાની દવા આપે કે ઑપરેટ કરે. જે પાર્ટને લઈને તમે દુઃખી થાવ છો એ પાર્ટ પર ફોકસ કરે. એમ, જે વૃત્તિને લઈને જન્મ-મરણના ચકરાવામાં ફરીએ છીએ, જે વૃત્તિને લઈને આવો સરસ સત્સંગ મળ્યો, આવા સરસ પ્રભુ મળ્યા, આવા સરસ સંતો મળ્યા, આવું સરસ ભગવાન ભજવાનું સ્થાન મળ્યું છતાં પણ એનું સુખ નથી લઈ શકતા; એ જે વૃત્તિ છે એને દેખાડવા માટે ભગવાન જ્યારે પ્રસંગ યોજે ત્યારે સામાનો દોષ જોવાને બદલે, સામાનો દોષ જોવાની એ વૃત્તિ ટાળવાને બદલે એ વૃત્તિ ગાઢી કરીએ છીએ એટલે પછી સાધના લંબાય છે. એ વૃત્તિ કાઢવા માટે ભગવાન આ કરી રહ્યા છે તેવું માનીએ તો ત્યારે ખુશ થઈએ.

ડૉક્ટર આપણો રોગ ડાયોગ્નાઈઝ કરે તો એમને ૫,૦૦૦/-, ૧૦,૦૦૦/- રૂા. કન્સલ્ટિંગ ફી આપીએ છીએ. અને એ પાર્ટ કાઢવા ઑપરેશન કરે તો પાંચ-છ લાખ રૂા. ફી આપીએ છીએ. જ્યારે મહારાજ તો મફતમાં બધું કરે છે, પણ એ વસ્તુને સમજતા નથી એટલે પછી એ વૃત્તિમાંથી બહાર નીકળતા નથી, અહંકારરહિત થતા નથી. સામી વ્યક્તિનું જોઈએ છીએ, સામી વ્યક્તિને વિશે ભાવફેર કરીએ છીએ, સામી વ્યક્તિની ઈર્ષ્યા કરીએ છીએ એના કારણે સાધના લંબાઈ જાય છે. મહારાજ જ્યારે એ બતાવે ત્યારે એવા પ્રસંગોમાં પોતાનો દોષ જોઈને જો ભજન કરીએ તો ભગવાન કહે, વૃત્તિઓનો અહંકાર ઓછો થતાં સુખિયો થઈ જાય છે. મછિયાવનાં ફોઈબાએ જો વહુનો સ્વીકાર કર્યો હોત કે, 'મારી વહુ સ્વરૂપે ભગવાન તમે મને આટલી સરસ દીકરી આપી ! તમારું ને સત્સંગનું શોભાડે તેવી હોનહાર છોકરી છે. હું ભક્તિ કરતી હતી, પણ મારી ભક્તિમાં ખૂબ ઉત્સાહ-ઉમંગ વધારે એવી દીકરી તમે મારા ઘરમાં આપી, હું ન્યાલ થઈ ગઈ !'-એ ભાવથી જો એનો સ્વીકાર કર્યો હોત તો મછિયાવનાં ફોઈબા ઈર્ષ્યારહિત થઈ આખા સત્સંગસમાજમાં પૂજનીય બની જાત.

**શાસ્ત્રમાં કલ્યાણની કેમ રીતિ છે ? અને વેદનો અર્થ તો અતિ કઠણ છે, માટે તેની કથા થતી નથી; અને શ્રીમદ્ ભાગવત પુરાણ અને ભારત એમાં વેદનો જ અર્થ છે ને સુગમ છે, માટે તેની જગતમાં કથા થાય છે. માટે શાસ્ત્રની રીતે કરીને કલ્યાણ થતું હોય તેમ કહો. અને શંકરાચાર્યે તો નિરાકારપણે ભગવાનનું પ્રતિપાદન કર્યું છે અને**

ભગવાનની કૃપાથી સાધુને
ઐશ્વર્યપ્રતાપ, રિદ્ધિ-સિદ્ધિ
એટલું બધું મળતું હોય છે,
પણ એ એમની મોટપ નથી.
સાચામાં સાચી મોટપ
એમનો દાસત્વભાવ છે.





અક્ષરરૂપ થઈ,
દાસત્વભાવે ભક્તિ કરતા
એવા જે સાધુ,
એમના દ્વારા ભગવાન
અખંડ બિરાજમાન છે-એ છે
અક્ષરપુરુષોત્તમની ઉપાસના !

**રામાનુજાદિક જે આચાર્ય તેમણે તો સાકારપણે ભગવાનનું પ્રતિપાદન કર્યું છે; માટે એવી રીતે શાસ્ત્રનો મત લઈને ઉત્તર કરો. પછી મુનિએ શાસ્ત્રની રીતે નિરાકારનો પક્ષ ખોટો કરીને સાકાર ભગવાનને ભજને કરીને કલ્યાણ છે એવી રીતે પ્રતિપાદન કર્યું. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, અમે પણ એ જ પક્ષનું ગ્રહણ કરીએ છીએ.**

આપણા સનાતન હિન્દુ ધર્મમાં વૈષ્ણવ, સ્વામિનારાયણ, શૈવ આદિક જે બધા ધર્મ, એ અસ્તિત્વમાં આવ્યા એના બૅઝિક પ્રિન્સિપલ છે. દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, અદ્વૈતાદ્વૈત - આ બધા જે સિદ્ધાંતો છે એના બૅઝ પર બધા ધર્મ રચાયા છે. અને આ બધા ઓરિજિનલ સિદ્ધાંતોને સ્થાપિત કરવાનું કાર્ય સાઉથ ઇન્ડિયાના આચાર્યો-શંકરાચાર્ય, માધવાચાર્ય, રામાનુજાચાર્ય, નિમ્બાર્ક આદિએ કર્યું. શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના વનવિચરણ દરમિયાન સાઉથમાં શંકર મઠના આશ્રમમાં રહ્યા હતા. ત્રિચિનોપલ્લીમાં રામાનુજાચાર્યનો આશ્રમ છે ત્યાં મહારાજ ૧૦ મહિના રહ્યા હતા. રામાનુજાચાર્યે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતનું સ્થાપન કર્યું-સાકારની ઉપાસના ! શંકરાચાર્યે નિરાકારની ઉપાસના પ્રવર્તાવી અને રામાનુજાચાર્યે સાકારની ઉપાસના પ્રવર્તાવી. અને સાકારની ઉપાસનામાં પણ વળી, વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત એમણે સ્થાપિત કર્યો.

અદ્વૈત-ભગવાન સાથે એકરૂપતા. હું ને ભગવાન એક, પણ એમાં 'અહં બ્રહ્માસ્મિ-હું પોતે જ ભગવાન છું, ભગવાન સાથે હું એકરૂપ છું.' એવું થઈ જાય. જ્યારે રામાનુજાચાર્યે વિશિષ્ટાદ્વૈતની સ્થાપના કરી. ભગવાન સાથે એકરૂપ છે, પણ એની વિશિષ્ટતા શી છે ? તો એમાં દાસત્વભાવ છે. પ્રભુ મારા પ્રગટ છે, ભગવાન સાથે એકરૂપ છું, પણ હું પ્રભુનો દાસ છું, સેવક છું; ભગવાન નથી. સાધુની એ જે દાસત્વભક્તિની વિશિષ્ટતા-એ વિશિષ્ટાદ્વૈતની શ્રેષ્ઠ ઉપાસના છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વામિનારાયણ સંપ્રદાય માટે એ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત પસંદ કર્યો !

એવું કહેવાય કે, જેટલા એરિયામાં રાજાનું રાજ એટલા એરિયામાં રાણીનું પણ રાજ કહેવાય. કોઈ પુરુષ કોઈ સ્ત્રીને પરણીને લાવે પછી આખું ઘર જે પુરુષનું હોય તો તેમાં કંઈ એક રસોડું એકલું જ સ્ત્રીનું કહેવાય ? જેટલું ઘર પુરુષનું એટલું જ સ્ત્રીનું કહેવાય. પણ સ્ત્રીને ખબર છે કે, આની સાથે હું લગ્ન કરીને આવી છું એટલે આ ઘર મારું છે. રાણીને ખબર છે કે, રાજાને પરણી છું એટલે રાણી થઈ છું. એમ, સાધુને ખબર છે કે, પ્રભુ સાથે જોડાયેલો છું એટલે આ બધું દૈવત છે. એટલે દાસત્વભાવ કે, હું કંઈ નથી, પ્રભુ જ છે. કંઈ પણ હોય તો પ્રભુને આગળ રાખે. યોગીજી મહારાજને ઘણા કહે, 'બાપા, આપના આશીર્વાદથી પાસ થઈ ગયો.' તો બાપા કહે, 'શાસ્ત્રીજી મહારાજની કૃપાથી થયા.' કોઈ દિવસ એવું કહ્યું નથી કે, અમારા આશીર્વાદથી તમે સુખી થાવ, અમારા આશીર્વાદથી તમને આ મળે. ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન ને બીજા પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજ-એમની કૃપાથી જ આ બધું થાય છે, અમે તો એમના સેવક છીએ; આ દાસત્વભાવ ! એમની વાહવાહ થતી હોય, એમનાં બધે બ્યૂગલ ફુકાતાં હોય, એમના નામનાં બધાં તોરણ લગાવતાં હોય, એમના નામના બધા સમૈયા થતા હોય; પણ તેઓ પોતે તો પ્રભુના દાસ થઈને વર્તતા હોય કે, આ બધું જે થઈ રહ્યું છે, થાય છે ને થવાનું છે એ મારા પ્રભુ અને મારા ગુરુની કૃપાથી થાય છે, એમાં મારું કાંઈ નથી. એવું અંદરથી સમજીને પોતાના ગુરુ તરફની, ઈષ્ટદેવ તરફની સદાય દાસત્વભાવે ભક્તિ કરતા હોય એ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત ! ભગવાન સાથે એકરૂપ છે, એમના દ્વારા ભગવાન દર્શન દે છે, એમના દ્વારા ભગવાન આશીર્વાદ આપે છે, એમના દ્વારા ભગવાન પ્રસાદ આપે છે, એમના દ્વારા ભગવાન આપણને બધી રીતે પરમ સુખ આપે છે; પણ તેઓ પોતે કહે કે, હું તો ભગવાનનો દાસ છું. વિશિષ્ટતા જે છે તે દાસત્વભાવની છે - એ ગુણાતીત ભાવ છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ને એમાંય વિશેષ કરીને શ્રી અક્ષરપુરુષોત્તમના માર્ગમાં જો કોઈ વિશેષતા હોય તો તે દાસત્વભક્તિની છે ! ભગવાનની કૃપાથી સાધુને ઐશ્વર્યપ્રતાપ, રિદ્ધિ-

સિદ્ધિ એટલું બધું મળતું હોય છે, પણ એ એમની મોટપ નથી. સાચામાં સાચી મોટપ એમનો દાસત્વભાવ છે. 'હું પ્રભુનો દાસ છું' એ સાચી મોટપ છે. સાધુતા એ દાસત્વભક્તિ કહેવાય અને એવી દાસત્વભક્તિ જ્યાં હોય ત્યાં પ્રભુ એમનામાં અખંડ નિવાસ કરીને રહેતા હોય. તો એવી દાસત્વભક્તિનો વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત રામાનુજાચાર્યે આપ્યો અને સાકારની ઉપાસનાનું સ્થાપન કર્યું. છ જે દર્શન હતાં, એમાં છેલ્લું વિશિષ્ટાદ્વૈત દર્શન ને એમાં આગળ જતાં સાતમું દર્શન બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પ્રમુખ સ્વામીજીની આજ્ઞાથી ભદ્રેશ સ્વામીએ 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના' રૂપે સ્થાપિત કર્યું. બહુ જ મોટું કામ થયું કહેવાય. અક્ષરરૂપ થઈ, દાસત્વભાવે ભક્તિ કરતા એવા જે સાધુ, એમના દ્વારા ભગવાન અખંડ બિરાજમાન છે–એ છે અક્ષરપુરુષોત્તમની ઉપાસના ! પ્રભુ સદા સાકાર, દિવ્ય ને પ્રગટ છે છે ને છે જ !

**...માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.**

પોતાના અક્ષરધામ સહિત એટલે કે એવા ગુણાતીત સાધુને લઈને મહારાજ પધાર્યા. અક્ષરપુરુષોત્તમની ઉપાસના માટે આ અગત્યનું 'વચનામૃત' છે. ભગવાન સાકાર છે, પ્રગટ છે અને એવા ગુણાતીત સાધુ થકી મહારાજ પ્રગટ રહ્યા છે. મહારાજના વખતમાં ગુણાતીતાનંદ સ્વામી હતા, તેઓ અક્ષરધામ કહેવાતા, જેમના દ્વારા ભગવાન અખંડ પ્રગટ રહ્યા. અને મહારાજે વર આપ્યો કે, 'એવા ગુણાતીતભાવને પામેલા સાધુ દ્વારા અમે અખંડ પ્રગટ રહીશું, રહીશું ને રહીશું.'

અમારા ગુરુ યોગીજી મહારાજ એવા હતા, જેમના હેતને લઈને અમે બધા ભગવાનને માર્ગે ચાલતા થયા. અને એમની કૃપાથી પ્રમુખ સ્વામી, મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, કાકાજી, પપ્પાજીનાં સાંનિધ્યમાં રહીને અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ, હર્ષદભાઈ, પૂનમભાઈ જેવા એવા ભાવને પામ્યા. પણ તેઓ આપણા જેવા છે એટલે એમને વિશે દિવ્યભાવ થતો નથી. શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, 'અક્ષરધામમાં જે મહારાજ છે એ જ મહારાજ માનવરૂપે મળ્યા છે, પણ દેખ્યામાં આવતું નથી.' શું દેખ્યામાં આવતું નથી ? તો આપણે તેમને માણસ જેવા દેખીએ છીએ. એમનામાં સ્વયં ભગવાન અખંડ રહ્યા છે, પણ દેહ છે એટલે દેખાતું નથી. ચાર હાથ ને પાછળ ચકરડું ફરતું હોય તો થાય કે, સ્વયં પ્રભુ છે. પણ સામાન્ય, મારા-તમારા જેવા થઈને ફરતા હોય, ખાતા-પીતા હોય, બધી જ ક્રિયાઓ આપણા જેવી કરતા હોય એટલે અક્ષરધામમાં જે મહારાજ છે એ સાધુરૂપે મને મળ્યા છે, પણ એ દેખાતું નથી.

આપણા એક સત્સંગીએ ઍલનટાઉનમાં સ્ટૉર રાખેલો અને એમણે એવા તો ઘણા સ્ટૉર લીધેલા. મેં એમને પૂછ્યું કે, 'તમને કેવી રીતે ખબર પડે કે, આ સ્ટૉર લેવા જેવો છે ? અમે બધા જઈએ તો અમને તો ખબર જ ના પડે.' ત્યારે કહે, 'હું સ્ટૉરમાં જઉં તો મને ત્યાં બધે ડૉલર દેખાય.' એમની દૃષ્ટિમાં એમને એવું થાય કે, આ સ્ટૉરમાં ડૉલર મળશે એટલે કમાણી થશે જ. અને પાછા કમાય પણ ખરા. એમણે બહુ સમૃદ્ધિ પ્રાપ્ત કરી. બીજા એક જણા કહે, 'એમને જમીનમાં ડૉલર દેખાય છે એટલે અહીં મૉટલ કરીએ છીએ.' આવા બધા લોકો હોય છે, તમે જુઓ તો ! પણ આપણને ભગવાન દેખ્યામાં આવતા નથી, મુશ્કેલી એ છે. ભગવાન કૃપા કરે તો આપણને સર્વમાં રહેલા પ્રભુ દેખાય, ને પ્રભુ દેખાય તો બેડો પાર થઈ જાય. 'જ્યાં જુઓ ત્યાં રામજી, બીજું ના ભાસે રે' એ અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના સમજાય. પછી એવું થાય કે, કથાવાર્તા સાંભળે, માહાત્મ્ય સમજાય અને ભગવાન ને ભગવાનના ભક્તોની મન, કર્મ, વચને સુહૃદભાવભરી સેવા થાય તો ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થતાં આ બધું દેખ્યામાં આવે. આ બધું દેખ્યામાં આવે એવી આપણા સર્વ પર પ્રભુ કૃપા વરસાવે એવી પ્રાર્થના !

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

ભગવાન કૃપા કરે તો
આપણને
સર્વમાં રહેલા પ્રભુ દેખાય,
ને પ્રભુ દેખાય તો બેડો પાર થઈ જાય.



સ્વામિશ્રીજી



"**અમે** સં. ૧૯૬૭માં શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા સં. ૨૦૦૭માં સ્વામી ધામમાં પધાર્યા... ત્યાં સુધી સ્વામીની એકધારી આજ્ઞા પાળી રાજી કર્યા..."

# સાધુહૃદયની
## પ્રાર્થનાગંગા

**હે યોગીબાપા !**

આપના આ પ્રત્યેક શબ્દે ભક્તિ છે
શાસ્ત્રીજી મહારાજ પ્રતિ સાચો શિષ્યભાવ છે
તેઓને રાજી કરી લીધાનો સંતોષ છે
ધામમાં પધાર્યા ને પ્રગટ રહ્યા તે અહેસાસ છે
તેઓમાં આપ વિલીન થયા તેનું દર્શન છે
'છો તો એક... દીસો છો દોય...'નો ભાવ છે
આપનો દાસત્વભાવ દર્શાય છે
તે ગુરુ સાથેના અદ્વૈતભાવને વંદન છે.

**હે દયાળુ બાપા !**

પ્રત્યેક પળે ગુરુ પ્રતિ આ દિવ્યભાવ
તેઓની આજ્ઞાનું અનુસંધાન
તેઓની પ્રસન્નતા પ્રાપ્ત કરવા નિશાન
તેનું દર્શન આપના પ્રતિ સાહેબજીએ કરાવ્યું
આપની આજ્ઞા આકારે પ્રતિપળ જીવ્યા
આપના યોગી રૂપને પામ્યા
અમ સૌનો જીવન આધાર બન્યા.

**હે બાપા !**

અમારે સાહેબજીની આજ્ઞામાં જીવવું છે
પ્રતિપળ તેઓને રાજી કરવા જીવવું છે
તેઓમાં 'સ્વ'ને વિલીન કરવું છે
તેઓના ભક્તોમાં તેઓનાં દર્શન કરવાં છે
આપે જેમ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા એકધારી પાળી
તે પ્રમાણે અમારે સાહેબજીની આજ્ઞા ધારવી છે
તેઓના શરણે રહી, ચરણોમાં સમર્પિત થવું છે
મન, બુદ્ધિ, ચિત્ત તેઓને ધરી રાજી કરવા છે
આ 'આજ્ઞા સોપાન વર્ષે' અમને બળ દેજો ! ◆



"**શાસ્ત્રીજી** મહારાજના જ મનનું ધાર્યું કર્યું છે, પણ આપણા મનનું ધાર્યું કર્યું નથી. તે સ્વામી અતિશય રાજી થયા છે ને અત્યારે દર્શન દે છે ને સુખ આવે છે...!"

**હે સાધકો !**

યોગીબાપા આ જીવનભાવનામાં બે વાત સમજાવે છે
મનનું ધાર્યું મૂકી ગુરુ કહે તેમ કરો.
ગુરુની આજ્ઞામાં મનની પેલે પાર જઈ વર્તન કરો.
મનને જીતવાનો આ એકમાત્ર ઉપાય છે.
બ્રહ્મસ્વરૂપની સ્થિતિએ
પહોંચ્યા પછી પણ યોગીબાપા ગુરુની
આજ્ઞાને શિરોમાન્ય રાખી જીવન જીવ્યા.
સાધક માટે ગુરુઆજ્ઞાએ જીવન
એ મોટી સાધના છે... અનિવાર્ય છે.

બીજી વાત... ગુરુની આજ્ઞાનું યથાર્થ
પાલન કર્યું તો શાસ્ત્રીજી મહારાજ અતિશય રાજી થયા...
અને અતિશય રાજી થયાનું ફળ શું ?
તો દર્શન દે છે ને સુખ આવે છે.
અહોનિશ દર્શન ...
તેવા સંત પ્રભુધારક થઈ
પ્રભુ સાથે અદ્વૈતભાવનું જીવન બનાવી લે છે.
તેઓને પ્રભુનું કાર્ય કરવું... પ્રભુઆજ્ઞાએ કરવું...
પ્રભુ સાથે એકરૂપ થઈને કરવું તે જ
ઉદ્યમ બની રહે છે... જીવન બની રહે છે.

**હે દયાળુ !**

સંતભગવંત સાહેબજીની આજ્ઞાને જીવન બનાવી,
મનમુખી મૂકી દઈ, તેઓનો રાજીપો કમાવાનું બળ દો,
જેથી એ સ્વરૂપમાં ઓગળી જઈ, એક બની
અખંડ દર્શન કરતા રહીએ
ને સહજાનંદી સુખ માણતા રહીએ. ◆



બ્રહ્મજ્યોતિ, ૧૦.૧૨.૨૦૧૨ સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ. ૧૧.૧૨.૧૨






# અનુપમની હે અમૃતધારા...!

**~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા**

**૧૨ જૂન ૨૦૨૫, બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય કાકાજી મહારાજ જયંતી, શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ, શ્રી માણાવદર તીર્થધામ.**

**સ્વામિનારાયણ** ભગવાનની જય ! શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની જય ! બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ પ્રાગટ્યપર્વની જય ! અક્ષરદેરી, માણાવદરના પાટોત્સવની જય !

કાકાજી મહારાજની પ્રાર્થનાથી માણાવદરના મુક્તોને યોગીબાપાએ અક્ષરદેરીતુલ્ય આ તીર્થસ્થાન ભેટ આપ્યું. ગોંડલ અક્ષરદેરીના મહિમાની અને માણાવદર અક્ષરદેરીના મહિમાની વાતો આપણે છેલ્લાં ૬૦ વર્ષથી સાંભળીએ છીએ. ગુરુહરિ સાહેબદાદાએ આ મંદિરનિર્માણમાં કાકાજી મહારાજનાં માહાત્મ્યસિંચનથી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની પ્રસન્નતાને અર્થે પુરુષાર્થ કરનારા એવા પૂ. દેવશીબાપા, પૂ. ભવાનબાપા, પૂ. પ્રેમજીબાપાની પેઢીને યાદ કરી કે જેમને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો મહિમા કાકાજી મહારાજે હૃદયમાં સ્થાપિત કરી આપ્યો. સાહેબદાદાએ હરિભાઈસાહેબ, જશમતભાઈ અને નરસિંહફુઆને પણ યાદ કર્યા. વશરામભાઈ, મેઘજીભાઈ ને તે સમયના ઘણા બધા યુવાન ગૃહસ્થો કે જેઓ એ સમયની હરિભાઈસાહેબની નારાયણી સેનાના સૈનિકો હતા. જેમનાં સંતાનો અત્યારે આપણી ગુણાતીત સમાજની બધી જ સંસ્થાઓની શોભા વધારી રહ્યાં છે, સુવાસ પ્રસરાવી રહ્યાં છે. એવું આ અદ્‌ભુત માણાવદરનું સ્થાન, તેનો મહિમા એટલે ખરેખરો દાદુકાકાનો મહિમા !

બાપાની આજ્ઞા પાળી લેવા માટેનું માહાત્મ્ય અને બાપા કોણ છે ? એમના માહાત્મ્યનું જેમણે સિંચન કર્યું એવા દાદુકાકાની અમારા ઉપર અઢળક કૃપા રહી છે ! અને એટલે અખંડ એમને સંભારતા રહીએ છીએ. ૧૯૬૩માં શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલયના બાંધકામની શરૂઆત થઈ. અને એ જ વર્ષમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે કાકાજી મહારાજનો સંબંધ વલ્લભવિદ્યાનગરમાં અભ્યાસ કરતા યુવાન વિદ્યાર્થીઓને કરાવ્યો. ગુરુહરિ સાહેબદાદાના હાથમાં હાથ મુકાવીને એમના આધ્યાત્મિક ઉત્થાનની જવાબદારી ને વ્યાવહારિક માર્ગદર્શન આપવાની સૂઝ આપવા માટેની બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે કાકાજી મહારાજને આજ્ઞા કરી. એ આજ્ઞાને માથે ચડાવીને કાકાજી મહારાજ મહિનામાં બે વખત મુંબઈથી વલ્લભવિદ્યાનગરના યુવક મંડળમાં આવતા. તે સમયની ચારુતર વિદ્યામંડળની હૉસ્ટેલમાં રહીને અમે અભ્યાસ કરતા ત્યારે અમારી હૉસ્ટેલમાં કાકાજી મહારાજ અમારી સાથે પંખા વગરની હૉસ્ટેલની રૂમમાં અમારી ભેળા રહ્યા છે, અને અમને કાચું-પાકું જે કંઈ રાંધતાં આવડે એ રાંધીને અમે કાકાજી મહારાજને થાળ ધર્યા છે.

કાકાજી મહારાજને એક જ નિશાન-મારા ગુરુ યોગીજી મહારાજની પ્રસન્નતા ! ગુરુનાં વચન, એમની આજ્ઞાનાં પાલનનો ઉમંગ ને ઉત્સાહ એમણે પોતે જીવીને, આચરીને બતાવ્યો. અને પોતાના ગુરુને માટેનો નિર્વિકલ્પ ઉત્તમ નિશ્ચય પોતાના હૃદયમાં ધારીને જીવતા કાકાજી મહારાજને ૩જી ફેબ્રુઆરી, ૧૯૫૨ના રોજ ભાવસમાધિ થઈ. એ ભાવસમાધિમાંથી કાકાજી મહારાજ બહાર નીકળ્યા ત્યારે તેઓએ યોગીજી મહારાજ પાસે માગ્યું કે, 'જે દર્શન અને જે સુખની પ્રાપ્તિ મને થઈ છે એ મારી સાથેવાળા તમામને થાય એવા આશીર્વાદ આપો.' આપણે એમાં મફતમાં ફાવી ગયા છીએ.

કાકાજી મહારાજ અને કાન્તિકાકાને અદ્‌ભુત મૈત્રી ! સુહૃદભાવની ગંગોત્રી જ્યાંથી વહે છે તે તાડદેવના ધામની આ વાત છે. પપ્પાજી મહારાજ પણ આફ્રિકાથી પાછા આવ્યા અને કાકા, કાન્તિકાકા ને પપ્પાજીએ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ ને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની આજ્ઞાને અને એમની પ્રસન્નતાને જીવન બનાવીને જીવી બતાવ્યું ; એ આપણા

ગુણાતીત સમાજનો ઈતિહાસ છે, એ આપણું ગૌરવ છે, એ આપણી ખાનદાની છે ! અને એને નભાવવી ને એ માર્ગે ચાલવું એ શિષ્ય તરીકેની, અનુયાયી તરીકેની આપણા જીવનની શ્રેષ્ઠ ફરજ છે અને ભક્તિ છે !

એવા કાકાજી મહારાજનો પ્રાગટ્યદિન માણાવદરમાં વર્ષોવર્ષ ઉજવાય છે અને ત્યારે ગુરુહરિ સાહેબદાદા માણાવદર તીર્થસ્થાનમાં પધારે છે. એ તીર્થસ્થાનનો મહિમા વધારનારા એવા સંતો અરુણદાદા, વ્યાસબાપા આવ્યા, યુવાન અને તરવરિયા એવા સાધુ રણછોડદાસજી આવ્યા, અને ૬૦-૬૦ વરસથી એ ગૌરવને આ સંતોએ એમની જીવન-તપશ્ચર્યા દ્વારા વધાર્યું અને આપણને સૌને પુણ્યવંતા બનાવ્યા.

અનુપમ મિશનનાં મુંબઈથી છેક કચ્છ સુધીનાં જે કેન્દ્રો છે એ કેન્દ્રોમાં કાકાજી મહારાજના આ દિવ્ય અને અદ્‌ભુત સ્થાન-માણાવદરના કેન્દ્રને 'સુહૃદભાવ'નું સર્ટિફિકેટ ગુરુહરિ સાહેબદાદા અત્યંત પ્રસન્નતાની સાથે આપે છે. અને આ તો મહારાજની ભૂમિ છે, ગુણાતીતની ભૂમિ છે ! પંચતીર્થીઓના પ્રવાસીઓ માટેની યાત્રાનું આ સ્થાન છે, એટલે કોઈ ને કોઈ નિમિત્તે માણાવદર આવતા માત્ર ગુણાતીત સમાજના જ નહીં, પણ સ્વામિનારાયણ સંપ્રદાયની અન્ય સંસ્થાઓના ભક્તોને 'તમે ક્યાંના છો ને કોના છો ?' એવો સવાલ આ સંતો પૂછતા નથી. ભગવાને એમને મોકલ્યા છે ને ભગવાનના ભાવથી એમની સેવા-પરિચર્યા કરવી એ અમારું શિક્ષણ છે, એ અમારી ખાનદાની છે ! આવી ખાનદાની વર્તમાન સમયે પણ આ સંતો જે રીતે દીપાવી રહ્યા છે, એમને અભિનંદન આપવાનું અને એમનો હૃદયપૂર્વક આભાર માનવાનું મન થાય છે.

આવા સંતો ! આવો આપણો ગૌરવશાળી ઈતિહાસ ! અને સમયે સમયે પ્રગટ થતા સત્પુરુષ ! અને વર્તમાનકાળે પ્રગટ ગુરુહરિ સાહેબદાદા તરફ દૃષ્ટિ રાખીને આપણે જ્યારે પ્રાર્થના કરીએ છીએ ત્યારે એમની આજ્ઞાનું પાલન કરવાનું અનુસંધાન રાખવાનું છે. અક્ષરદેરીતુલ્ય આ તીર્થસ્થાન આપણને યોગીબાપાએ કરી આપ્યું, કાકાજી મહારાજે કરી આપ્યું. પપ્પાજી મહારાજે, હરિપ્રસાદ સ્વામીજીએ પધારીને એનું તીર્થત્વ વધાર્યું. પણ, મૂળ મુદ્દાની વાત કે આપણે આ મૂર્તિને આપણી પોતાની કરવી છે. અને એના માટેનો શ્રેષ્ઠ ઉપાય ગુરુહરિ સાહેબદાદાની આપણને આજ્ઞા છે તે પ્રમાણે રોજ માત્ર ૩૦ મિનિટની ધૂન કરીએ અને તેઓનાં એ વચનને આપણે યાદ રાખીએ.

કાકાજી મહારાજનો પ્રાગટ્યદિન ઊજવવો એટલે 'હું યોગીનો ને યોગી મારા'-કાકાજી મહારાજે એવું જીવન જીવીને બતાવ્યું. યોગીના સંબંધવાળા સર્વને સર્વપ્રકારે નિર્દોષ અને દિવ્ય માનીને સ્વીકાર્યા. તો કાકાજી મહારાજનો જ્યારે આપણે પ્રાગટ્યદિન ઊજવીએ છીએ ત્યારે કાકાજી મહારાજને તે સમયે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને વિશે જેવો નિરુત્થાન, નિશ્ચલ નિશ્ચય હતો, એવા નિશ્ચયનો આપણને આપણા સમયના આપણા પ્રગટ સ્વરૂપમાં દઢાવ થાય. ગુરુહરિ સાહેબદાદાના સ્વરૂપને વિશે સમ્યક્‌પણે નિર્દોષભાવ અને દિવ્યભાવ હૃદયને વિશે સ્થાપિત થાય એવી બાપા પાસે, કાકા પાસે અને સર્વ સ્વરૂપો પાસે પ્રાર્થના કરીએ. કારણ કે, આજ્ઞા પાળવા માટેનું જે બળ છે એ મોટા પુરુષનો દઢ આશરો છે ! મારો કે તારો, પણ પ્રભુ હું તમારો છું એવા દઢ આશરાથી એમના સ્વરૂપને વિશે કોઈ પણ પ્રકારની શંકા-કુશંકા રાખવી નહીં. ક્યાં ? ક્યારે ? ને કોણ કરશે ? એવી અનિશ્ચિતતાને બદલે સંપૂર્ણ નિશ્ચિંતતા જો પ્રાપ્ત કરવી હોય તો ભગવાનને કર્તા-હર્તા માનીને જે કંઈ પણ થઈ રહ્યું છે તેનો સહજ સ્વીકાર કરીએ.

ગુણાતીતાનંદ સ્વામીએ એક બહુ સુંદર વાત કરી છે કે, અંતરમાં ટાઢું રહે ને ધગી ના જવાય એના બે ઉપાય છે. એક તો ભગવાનનું ભજન કરવું અને બીજું પ્રભુને કર્તાહર્તા માનવા કે, તેઓ જે કરતા હશે તે ઠીક જ કરતા હશે. કારણ ? 'દાસના દુશ્મન હરિ કે'દી હોય નહીં.' આપણે દાસ થવાનું છે, શરણાગત થવાનું છે, શિષ્ય થવાનું છે ને સરળ હૃદયના ભક્ત થવાનું છે. 'દાસના દુશ્મન હરિ કે'દી હોય નહીં,' તેઓ જેમ કરતા હશે એમ ઠીક જ કરતા હશે, આવી દઢતા કાકાજી મહારાજને હતી, તે સદેહે અમે જોયું છે. પપ્પાજી મહારાજને પણ હતી, તે એમની સાથે બહુ નિકટ રહીને જોયું છે. અને એનો દિવ્ય વારસો એમણે આપણને સૌનેય આપ્યો છે.

હે પ્રભુ ! આજના પરમ મંગલ દિવસે આમાં મારી કાંઈ પણ કસર રહી હોય, કચાસ રહી હોય, તો એને ટાળવા માટેની જાગ્રતતાથી ધૂન-ભજન-પ્રાર્થનાનો ઉપાય લઈએ. અને આપના સંબંધવાળા નાના-મોટા-સર્વને વિશે એવો નિર્દોષભાવ ને ધન્યભાવ કરીએ. એની રજૂઆત જુદી જુદી રીતે થાય, પણ હૈયાનો ભાવ તો એ જ છે. આપણે કોઈને બથમાં લઈને ભેટીએ નહીં, એનો અર્થ એવો નથી કે, આપણે એના હૃદયથી છેટા છીએ અને બથમાં લઈને ભેટીએ એટલે આપણે એના હૃદય સાથે એકરૂપ ને એકાકાર થઈ ગયા છીએ ! એ તો સૌ સૌની રીત છે. અને એવી રીતનો ભેદ પણ અમે કાકાજી અને પપ્પાજીની વચ્ચે જોયો છે. જે કાકાજી હતા તે કાકાજી હતા, જે પપ્પાજી હતા તે પપ્પાજી હતા. અને અમે સદ્‌ભાગી કે બંનેની સાથે લાંબાં વર્ષો સુધી ગુરુહરિ સાહેબદાદાનાં માર્ગદર્શન પ્રમાણે જીવી અને જે સત્ત્વ ને તત્ત્વ છે એને સમજવાની અમને તક મળી. એ અદ્‌ભુત જીવનભાથું અમારા શેષ જીવનની મૂડી બની રહે અને ગુણાતીત સમાજના સર્વ મુક્તો, ભક્તોનો આવો ભગવદ્‌ભાવ વધારે ને વધારે દઢ થતો રહે તેવી કાકાજી મહારાજના પ્રાગટ્યદિન નિમિત્તે મંગલ પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ જુલાઈ, મંગળવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોત, મોગરી પર મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી, શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ત્યારબાદ 'અક્ષરમહોલ'માં સભામાં પધારી દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું.

**૨ જુલાઈ, બુધવાર...** સાંજે 'તીરથ'માં અઠવાડિક સંતસભામાં પધારી આશીર્વાદ આપ્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી સૌનાં સુખદ જીવન માટે ધૂન-પ્રાર્થના કર્યાં.

**૩ જુલાઈ, ગુરુવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં સભામાં અમેરિકામાં ફ્લૉરિડા ખાતે પાઈલોટની ટ્રેનિંગ લેતા પાંચ દીકરાઓનાં સ્વાગત-અભિવાદન કરી આશીર્વાદ આપ્યા. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં ઉપસ્થિત સૌને સત્સંગનું સુખ આપ્યું.

**૪ જુલાઈ, શુક્રવાર...** મોરબીથી પધારેલ મનીષભાઈ એરણિયા અને પરિવારજનોને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું. અમદાવાદથી પધારેલ સુશ્રી લીલાબહેન (ચૅરમૅન, મહિલા આયોગ, ગુજરાત) અને નેહાબહેન બિમલભાઈને દર્શન-આશીર્વાદ આપ્યાં. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૫ જુલાઈ, શનિવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી, દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં સભામાં દર્શન-આશીર્વાદ આપ્યાં. નિજ આવાસ 'ઉપાસના'માં સૌ સંતો સાથે આનંદબ્રહ્મ કર્યો.

**૬ જુલાઈ, રવિવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી, દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં 'સહજાનંદ કલાસાધના તીર્થ' દ્વારા આયોજિત ગુરુપૂર્ણિમા ઉત્સવની સભામાં પધારી સૌ બાળકોને દર્શન-આશીર્વાદ પાઠવ્યાં. 'સહજાનંદ કલાસાધના તીર્થ'ના નિર્દેશક સાધુ પૂ. તુષારદાસની ભક્તિને બિરદાવી રાજીપો વરસાવ્યો. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી ઉપસ્થિત સૌને દર્શન-આશીર્વાદ પાઠવ્યાં.

**૭ જુલાઈ, સોમવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી, દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજ નિર્વાણ સ્મૃતિદિન નિમિત્તે યોજાતી કીર્તન આરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. વિદેશની તીર્થયાત્રાએ પધારતા સંતો-ભક્તોને વિદાયવેળાએ શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યાં.

**૮ જુલાઈ, મંગળવાર...** બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરીને સંતો-ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનું સુખ આપ્યું.

**૯ જુલાઈ, બુધવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ગુરુપૂર્ણિમા ઉત્સવની આગળની સાંજે મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ આપ્યા. રાજશ્રીબહેન ઠક્કર (દુબઈ) અને અન્ય મંડળોમાંથી પધારેલા ભક્તોનાં સ્વાગત કરી આશીર્વાદ આપ્યા.

**૧૦ જુલાઈ, ગુરુવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ગુરુપૂર્ણિમા ઉત્સવની સભામાં પધારી, સૌ



ગુરુપૂર્ણિમા નિમિત્તે 'સહજાનંદ કલાસાધના તીર્થ'ના કલાસાધકોને આશીર્દાન

સંતો-ભક્તોના સ્વાગતના ભાવ ઝીલી નિજ આસને બિરાજ્યા. સભામાં પધારેલા સૌ ભક્તોને દર્શન-આશીર્વાદનું તેમજ પૂજનનું અદ્‌ભુત સુખ આપ્યું.

**૧૧ જુલાઈ, શુક્રવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ત્યારબાદ 'અક્ષરમહોલ'માં સભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૧૨ જુલાઈ, શનિવાર...** બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરીને સંતો-ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનું સુખ આપ્યું.

**૧૩ જુલાઈ, રવિવાર...** સાંજે 'ઉપાસના ભક્તિ મહાયાગ'માં પધારી યજમાન ભક્તોને દર્શન-આશીર્વાદ આપ્યાં. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં.

**૧૪ જુલાઈ, સોમવાર...** મંદિરજીમાં સંધ્યા આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૧૫ જુલાઈ, મંગળવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં સભામાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના ૮૪મા પ્રાગટ્યદિન નિમિત્તે પધારેલા સૌ ભક્તોને દર્શન-આશીર્વાદ આપ્યાં. રાત્રે 'યોગીપ્રસાદ'ના હૉલમાં પૂ. અશ્વિનદાદાના ૮૪મા પ્રાગટ્યદિન નિમિત્તે યોજેલ સભામાં પધારી સૌ સંતો-ભક્તોને અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા.

**૧૬ જુલાઈ, બુધવાર...** સાંજે વિદેશની ધર્મયાત્રાએ પધારતા સંતોને વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. મંદિરજીમાં સંધ્યા આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.



ગુરુપૂર્ણિમાના પાવન પર્વે ગુરુવર્યોને વિશિષ્ટ કલાત્મક હાર અર્પી ભાવવંદન !

**૧૭ જુલાઈ, ગુરુવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. દાંતની સારવાર માટે આણંદમાં ડૉ. સચીબહેન-ડૉ. અરુણભાઈ બત્રાની ક્લિનિકમાં પધાર્યા. રિચમંડ-યુ.એસ.એ.થી પધારેલ ભાવેશભાઈ અને પરિવારજનોને દર્શન-આશીર્વાદ પાઠવ્યાં. રાત્રે 'અક્ષરમહોલ'માં ગુરુસભાના યુવકો દ્વારા હિંડોળાપર્વ નિમિત્તે યોજેલ કીર્તનભક્તિમાં પધારી આનંદ માણ્યો તેમજ સભામાં ઉપસ્થિત સૌ યુવકો અને સ્થાનિક ભક્તોને દર્શન-સમાગમ-આશીર્વાદનું સુખ આપ્યું.

**૧૮-૧૯ જુલાઈ, શુક્રવાર-શનિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૨૦ જુલાઈ, રવિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. વેમાર ઉપાસના ધામ ખાતે સદ્‌ગુરુ સાધુ પ.પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિન નિમિત્તેની સભામાં પધાર્યા. જ્યાં સૌ સંતો-ભક્તોના સ્વાગતના ભાવ ઝીલી સભામાં પધાર્યા. ગ્રામપંચાયતના નવા ચૂંટાયેલા સરપંચ અને સૌ સભ્યોનું સ્વાગત-અભિવાદન કરી આશીર્વાદ આપ્યા. અનુપમ ભક્તરાજ શંકરકાકા અને દીકરા હર્ષને જન્મદિવસના આશીર્વાદ આપ્યા. કાનમ અને આજુબાજુના પ્રદેશમાંથી પધારેલા ભક્તોને દર્શન-આશીર્વાદ આપ્યાં. બ્રહ્મજ્યોતિમાં દર રવિવારે થતા ઉપાસના ભક્તિમહાયાગમાં પધારી સૌ યજમાન ભક્તોને દર્શન-આશીર્વાદ આપ્યાં. મંદિરજીમાં આરતી-દર્શન કરી, ધૂન-પ્રાર્થના કર્યાં.

**૨૧ જુલાઈ, સોમવાર...** પવઈથી પધારેલા પૂ. ભરતભાઈ પૂ.વશીભાઈ, પૂ.અશ્વિનભાઈને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો. મંદિરજીમાં આરતી-દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં યુ.કે. મંદિરજી દશાબ્દી મહોત્સવની સેવામાં પધારતા સંતોને વિદાયની શુભેચ્છા આપી આશીર્વાદ પાઠવ્યા..

**૨૨ જુલાઈ, મંગળવાર...** સાંજે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. યુ.કે. પધારતા સંતોને વિદાયની

શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યાં. IRIS હૉસ્પિટલમાં સેવા અર્પણ કરતા ENT સ્પેશ્યાલિસ્ટ ડૉ. મેહુલભાઈ પાસે ચેકઅપ માટે પધાર્યા.

**૨૩ જુલાઈ, બુધવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ત્યારબાદ 'અક્ષરમહોલ'માં સભામાં પધારી દર્શન-આશીર્વાદ આપ્યાં. યોગીજી મહારાજ નિર્વાણ સ્મૃતિદિન નિમિત્તે કીર્તનભક્તિમાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો અને ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. યુ.કે. મંદિરજી દશાબ્દી મહોત્સવમાં પધારતા હોવાથી સૌ સંતો-ભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું.

**૨૪ જુલાઈ, ગુરુવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. મોરબીથી કાનાભાઈ-ભાનુબહેન સપરિવાર આવ્યાં, સભા પછી દીકરા ચિ. શ્યામ-ચિ. હિરલના સગપણ નિમિત્તે નૂતન યુગલને જીવન જીવવાની સુંદર શીખ અને આશીર્વાદ પાઠવ્યાં. રાત્રિ વિદાય-મિલન સભામાં યુ.કે. ધર્મયાત્રામાં પધારતા સંતો-ભક્તોને વિદાયની શુભેચ્છાઓ આપી. મોટી સંખ્યામાં પધારેલ સૌ સંતો તેમજ સ્થાનિક હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૫ જુલાઈ, શુક્રવાર...** વહેલી સવારે મંદિરજીમાં આરતી-દર્શન કરી, ધૂન-પ્રાર્થના કર્યાં. સૌ સંતો-ભક્તોને દર્શન-આશીર્વાદ આપી અમદાવાદ ઍરપૉર્ટ પર પધાર્યા. ત્યાં અમદાવાદ પ્રદેશના સૌ મુક્તોએ ભાવથી સ્વાગત કર્યાં. પધારેલા ભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપી સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતો-ભક્તોની ભાવભરી વિદાય લઈ યુ.કે. માટે પ્રસ્થાન કર્યું. યુ.કે. ઍરપૉર્ટ પર સાધુ પૂ. હિંમતસ્વામીજી, સતીશભાઈ ચતવાણી, વિનુભાઈ નકારજા આદિ સંતો-ભક્તોના સ્વાગતના ભાવ ઝીલી બ્રહ્મજ્યોતિ પધાર્યા. મંદિરજીના પ્રાંગણમાં યુવક-યુવતીઓએ નૃત્ય દ્વારા સ્વાગતભાવ રજૂ કર્યા, તેનો સ્વીકાર કરી શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, ધૂન-પ્રાર્થના કર્યાં. સ્વાગતસભામાં પધારેલા ભક્તોને દર્શન-આશીર્વાદ આપ્યાં.

**૨૬ જુલાઈ, શનિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી ધૂન-પ્રાર્થના કર્યાં. સ્થાનિક હરિભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૭ જુલાઈ, રવિવાર...** સવારે કિશોરભાઈ ગોકલ, રસિકભાઈ કંટારિયા (Founder and chairman, Prime Bank Ltd.)ને ગોષ્ઠિ-દર્શનનો લાભ આપી આશીર્વાદ આપ્યા. ગુરુપૂર્ણિમાની સભામાં સ્થાનિક ભક્તોના સ્વાગતભાવ ઝીલી સૌને આશીર્વાદ પાઠવ્યા. શ્રી લૉર્ડ ડૉલર પોપટ અને પધારેલા મહેમાનોનું સ્વાગત કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. ગુરુપૂર્ણિમા ઉત્સવસભા બાદ સંતો-ભક્તોએ શ્રી ઠાકોરજી મહારાજની પાદુકાનાં પૂજન કર્યાં તથા ચરણોમાં પુષ્પ અર્પણ કર્યાં. આ પ્રસંગે સભામાં પધારેલ સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૮ જુલાઈ, સોમવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'કિંગ કિચન'ના માલિક શ્રી મનુભાઈને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૯ જુલાઈ, મંગળવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. શ્રી કિશોરભાઈ ગોકલ અને પરિવારને દર્શન-આશીર્વાદ આપ્યાં. રાત્રિસભામાં બ્રહ્મસ્વરૂપ કૃષ્ણજી અદા મહારાજની જયંતી નિમિત્તે ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૩૦ જુલાઈ, બુધવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. સાંજે રમેશભાઈ-કલાબહેન કણસાગરાને દર્શન-આશીર્વાદ આપી કીર્તનભક્તિનો લાભ લીધો

**૩૧ જુલાઈ, ગુરુવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. સંધ્યા આરતીનાં દર્શન કરી, ધૂન-પ્રાર્થના કર્યાં. ◆



ઇંગ્લૅન્ડ મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજી સમક્ષ દર્શન-પ્રાર્થના !

# My Guru, My Guide !

~ Saheli Sheth (Peoria, USA)

**Imagine** with me: a world where God's energy flows through all of us. In this world, we would rise above all the emotions that come with this body: materialistic happiness, anxiety, sadness, stress, anger, and so on. This vision is not too far out of reach, but only because a guru is there to guide us.

*What is the point of a guru if we already have God?*

We may all know how to worship God. But how do we learn to kindle God's presence within ourselves? Our guru is the roadmap to this. We may have a destination in mind (i.e., getting closer to God), but **it is our guru who shows us the way.**

A couple of years ago, I reached out to Sadguru Sant Param Pujya Manojdasji about my work anxiety. I expressed feeling incompetent in my job. Manojdasji candidly explained that this anxiety arose because I thought that **'I'** was the one doing the work. Instead, he suggested that I let **'God'** work through me. To paraphrase his wisdom:

When our ego thinks that **'I'** have to do a task, or that **'I'** am competent enough to do a task, then **God** will step back and let **the ego** work. Then, **God becomes a spectator!**

Instead, let's have **the ego** be the **spectator**, and let **God** work!

*How do we allow God to work through us?*

Manojdasji guided me to start every morning, and eventually, **every moment**, by praying for God to work through me. Each evening, he encouraged me to be thankful for God's grace.

I tried this prayer in my mind while sitting across from a patient. Initially, those words carried a desperate tone: "God, *PLEASE* work through me!!!!" Yet, I still noticed a powerful shift. The thoughts that I used to have — "I have no idea what I'm doing" or "my patients will realize I'm bad at this" — no longer had space in my mind, because I couldn't think two things at once. **This continuous prayer silenced my negative thoughts.**

Over time, the words "God, work through me" become peaceful, an invitation for God to join me. Beyond that, they served as an invitation for *me* to remember my God and guru, and that they are with me.

Through this practice, Manojdasji taught me to rely on God instead of my perceived strengths. Believing **'I'** was doing the work left me feeling defeated if my performance wasn't "good enough." However, when I let **'God'** work through me, it became easier to accept the results as His wish.

We may often hear about "self-confidence," or *being confident in our own ability*, but what our guru teaches us is "God-confidence" — *being confident in* ***God's ability.***

Even in seemingly mundane ways, Manojdasji teaches us how to get closer to God. Recently, some *satsangis* and I went to Taco Bell. Before calling Manojdasji to seek his guidance about one of the *satsangi*'s careers, we had a quick dinner at Taco Bell and tried their mango tea. Upon picking up the phone, Manojdasji said, "Oh, you are at Taco Bell! Everyone purchased a new drink today, right?"

We exchanged surprised glances; how did he know? Manojdasji continued, "Thakorji really enjoyed the food as *prasad*, but no one asked Thakorji which drink He wanted." We took away the lesson to make meals a part of our daily conversation with God: asking Him for His preferences and remembering Him before each meal.

This is what our guru does. **He teaches us to transform our lives into an ongoing conversation with God.** Every morning is an invitation for God to join us throughout the day, every meal is a dialogue about what God would like to eat through us, and every night is a prayer of gratitude.

Without our guru, we might still pray and worship God. However, with our guru as our guide, we have the vast privilege of learning how to become **best friends with God**, carrying Him with us throughout our day, and ultimately, throughout our lives.

In every aspect of our lives — whether working, doing *seva*, parenting, studying, or interacting with others — may we make this prayer, "God, work through me," our life's heartbeat. ◆

# ભયથી આસ્થા તરફ

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

મેં સ્ટીયરીંગ વ્હીલ પર મારા હાથ મૂક્યા ત્યારે મારા હાથ પરનો પરસેવો જોઈને મારા ડ્રાઈવિંગ શિક્ષક બોલ્યા, 'અરે ! તમે તો ખરેખર નર્વસ લાગો છો.' ત્યારે મારી ઉંમર ૧૫ વર્ષની હતી અને મારી ઉંમરનાં મોટાં ભાગનાં બાળકો ડ્રાઈવિંગ શરૂ કરીને ઘણાં ખુશ હતાં. પણ ત્યારે મને આ દિવસની જ બીક હતી અને હું વાહન ચલાવી શકીશ કે કેમ તેવો વિશ્વાસ પણ નહોતો.

સાત વર્ષ પછી પણ હું ડ્રાઈવિંગથી તેટલી જ ડરતી હતી. આ સમયે, મને બે નોકરીની ઓફર આવી. દર વખતે જેમ મારા જીવનના મહત્ત્વના નિર્ણયોમાં કરું છું તેમ, મેં આ બંને વિકલ્પો મારા ગુરુ સદ્‌ગુરુ સંત પ.પૂ. શાંતિદાદા સમક્ષ રજૂ કર્યા. મારા મતે તો પસંદગી એકદમ સરળ હતી. એક ઓફર એવી હતી કે જે ઘરથી ફક્ત બે મિનિટના ડ્રાઈવ પર હતી અને તે એક સલામત તેમજ ચોક્કસ પગારવાળી ઓફિસની નોકરી હતી. અને બીજી ઓફર એ ચોક્કસ પગાર વગરની અને ઘરથી દૂર તેમજ ગુનાખોરી વધુ હોય તેવા ભયજનક વિસ્તારમાંથી ડ્રાઈવ કરીને જવું પડે તેવી નોકરી હતી.

જ્યારે મેં આ બાબતેનું માર્ગદર્શન મેળવવા શાંતિદાદાને પૂછ્યું, ત્યારે તેઓ પ્રેમથી હસ્યા અને અંગ્રેજીના એક પ્રચલિત વાક્યને બીજા શબ્દોમાં જણાવીને કહ્યું, "જો બેટા, તું બે મિનિટ દૂરના અંદરે આવેલી નોકરી સ્વીકારીશ તો, તારી ગાડીમાં તારી બાજુની સીટ પર બેઠેલા ભગવાન કહેશે, 'બસ, આપણે આટલાં જલદી પહોંચી ગયાં ?' તેથી બીજી ઓફરનો સ્વીકાર કર કે જેથી તારી બાજુમાં બેઠેલા ભગવાનને તું ગાડીમાં શહેર બતાવી શકે." મને જરા પણ મનાતું નહોતું કે, શાંતિદાદા કેમ મને આવી વધારે અઘરી અને તકલીફવાળી નોકરી પસંદ કરવાનું કહી રહ્યા છે. પરંતુ, તેઓએ મને ક્યારેય ખોટા માર્ગે દોરી નહોતી, એટલે ખચકાટ સાથે પણ મેં તેઓની આજ્ઞાનું પાલન કર્યું.

મારે આ નોકરીમાં ક્લાયન્ટના ઘરની મુલાકાત લેવાની હતી, તેથી કામના પહેલા અઠવાડિયા દરમિયાન મેં ગૂગલ ખોલીને તેમાં ક્લાયન્ટના ઘરનું સરનામું નાખ્યું. ગૂગલના પહેલા જ સર્ચ પરિણામમાં 'શૂટિંગ' શબ્દ જોવામાં આવ્યો, એટલે કે, ક્લાયન્ટના ઘરની આજુબાજુના વિસ્તારમાં બંદૂકથી વધુ હિંસા થતી હતી. મને થયું ખરેખર ?! જેમ જેમ મારી કાર ક્લાયન્ટના ઘર તરફ આગળ વધતી ગઈ, તેમ તેમ મારા હૃદયના ધબકારાની ગતિ પણ એની સાથે સાથે તેજ થતી ગઈ.

મારી પહેલી મુલાકાત પતાવીને ક્લાયન્ટના ઘરની બહાર નીકળતાં જ મેં ઝડપથી આજુબાજુના વિસ્તારનું અવલોકન કર્યું. મને ખ્યાલ હતો કે, હું એક અસુરક્ષિત વિસ્તારમાં છું, તેથી હું ઝડપથી પાછી કારમાં બેસી ગઈ, દરવાજા લોક કર્યા અને સ્ટીયરીંગ વ્હીલને જોરથી પકડી રાખ્યું. એક વખત કારમાં આવી ગયા પછી મને થયું, હાશ ! હવે હું સુરક્ષિત છું. મેં રાહત અનુભવી. હું ગાડીમાં સુરક્ષિત છું તેમ જાણ્યા પછી હું શાંતિથી ત્યાંથી ગાડી હંકારી ગઈ.

અને ત્યારે જ મને ખ્યાલ આવી ગયો કે, મારામાં એક નોંધપાત્ર બદલાવ આવ્યો છે. એક સમય એવો હતો કે જ્યારે મારા માટે કાર એ ભય અને ગભરાટનું સાધન હતી, અને હવે તે જ કાર સલામતી અને રાહતનું સાધન બની ગઈ છે કે જેમાં હું શાંતિનો શ્વાસ લઈ રહી છું. અને તે દિવસથી મને ડ્રાઈવિંગનો જરાય ડર રહ્યો નથી.

શાંતિદાદાની આજ્ઞા પાછળ કોઈ ઊંડો હેતુ રહેલો હોય છે. તેઓ આપણને ભયરહિત થવાનું શીખવે છે કારણ કે, તેઓ હંમેશાં આપણી રક્ષામાં હોય છે. શાંતિદાદાએ જ્યારે માર્ગદર્શન આપતી વખતે કહ્યાં હતાં એ વચનો કે, 'તારી બાજુમાં બેઠેલા ભગવાનને તું ગાડીમાં શહેર બતાવ.' તેને હું યાદ કરું છું, ત્યારે તેઓ મને ખાતરી કરાવે છે કે, ભગવાન મારી બાજુમાં જ બેઠા છે. કેટલી બધી રીતે આ શબ્દો અર્થસભર છે ! મારે ડ્રાઈવિંગ કરતી વખતે ડરવાની જરૂર નહોતી, કારણ, ભગવાન મારી બાજુમાં જ હતા. મારે ભયજનક વિસ્તારમાં ડરવાની જરૂર નહોતી, કારણ, ભગવાન મારી બાજુમાં હતા. આપણાંમાંથી કોઈએ ક્યારેય ક્યાંય ડરવાની જરૂર નથી, કારણ, ભગવાન આપણી સાથે છે.

શા માટે શાંતિદાદા મને તકલીફવાળી નોકરી પસંદ કરવાનું જણાવે ? શા માટે શાંતિદાદા આપણે જે કરવાની ઈચ્છા ના હોય તે કરવા પ્રોત્સાહિત કરે ? પણ ગુરુની આજ્ઞામાં એ જ તો તાકાત છે કે, તેઓ આપણને જે જોઈતું હોય તે કંઈ હંમેશાં આપતા હોતા નથી, પણ આપણને ખરેખર જેની જરૂર હોય તે આપતા હોય છે. તેઓએ મને જે આપ્યું તે મારી સામાન્ય ધારણા કરતાં ઘણું વધારે હતું. શાંતિદાદાએ મને ભરોસો ને રક્ષણ બંને પૂરાં પાડ્યાં અને એથીય વિશેષ ભગવાન સદાય આપણી સાથે છે તેનું જાણપણું આપ્યું. આપણે ગુરુની આજ્ઞા પાછળનું કારણ જાણતા ના હોઈએ, પરંતુ ગુરુ પર પૂર્ણ વિશ્વાસ રાખીને ગુરુની આજ્ઞાનું પાલન કરીએ તો આખરે તો આપણું રૂડું જ થતું હોય છે.

આમ તો, મારે મારી જાત પર વિશ્વાસ કરવાને બદલે, મને મારા ગુરુ પર વિશ્વાસ હોય એ જ મહત્ત્વનું છે. ◆

(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'-જુલાઈ, ૨૦૨૫ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)

# || The Power of Guru Aagna ||

~ Anand Popat (U.K.)

**This** Year 2025 is the celebration of Guru Aagna Mahima Parva. I have been extremely fortunate to have the blessings of Guruhari Sahebji since I was born and I firmly believe that He has looked after me at every step of my life journey until now. His countless blessings and continuous prayers have been with all of us.

The time I required the most support in my life was when I was 18 years old and awaiting my exam results to be able to gain admission into the University of my choice. I wanted to study Optometry in order to become an Optometrist / Optician. I already had made a condition with God in my mind that I only wanted to attend the specific University in London (The City University) for my study and I did not wish to go anywhere else in the UK! At the time only 6 Universities had this course available across Great Britain - including Scotland and Wales. My father Ashwin Popat who is also an Optometrist went to the same University and I wanted to attend the same Institution! I had been offered a provisional place by the University but when the results came I unfortunately did not achieve the grades required to gain my place at the University. I was told that all the places on the course had been taken and my options were to re-take my exams and apply again next year or to simply find another subject to study. This is when I reached a low point both mentally and spiritually. I felt all the prayers and blessings had been in vain and I now did not know what the next step was.



At this time it was August and Guruhari Sahebji was in the US at the Anoopam Mission Youth Camp In Pocono Mandir. He had also requested my father to attend the camp and help educate the campers spiritually. I was extremely upset and wanted to speak with Guruhari Sahebji on the phone. I was also upset as my father was not with me in the UK. I explained the situation and Guruhari Sahebji was so calm and His simple Aagna or instruction to me was "Dhun Chaalu Rakhje Ane Bhagwan Saras Karshe Tari Mate". This translates as 'Keep praying and chanting the Swaminarayan Mantra and God will grant you the best outcome". I told Him this would be very hard for me because all the prayers I had done until now had not helped my results and situation despite being so dedicated. Guruhari Sahebji then said something so casually that I could not believe His words - He said "Could someone not give up their University place for the Optometry course and you obtain their place instead?" I told Him that this is not even a possibility as why would anyone want to give up their chance

to study the course after working so hard for it! After this conversation I was still upset and did not feel motivated to pray. However I had to keep His Aagna in my mind and continued to pray. Nearly 4-6 weeks passed and it was time in late September to actually enrol into University and begin the course.

During this time I was looking into other subjects to study but none of them were of interest to me and I was also de-motivated to retake any exams. I also had tried every week to call the Secretary at the University asking if any places had become available. The response was always negative and I was told to look at other options. Then the miracle occurred - on a September morning my house telephone rang and my mother ran to wake me up telling me that the University Secretary was on the phone! I woke up half asleep and answered the phone. The same secretary that had always given me a negative response said to me "Mr Popat I would like to inform you that a student who wanted to study Optometry has decided to study Dentistry instead and so we have a place available for the Optometry course and we would like to offer the place to you first! Do you accept?" I honestly thought I was dreaming and could not believe her words! My eyes opened wide and I said "Of course I would like to accept!" I put the phone down and screamed with excitement and from that moment thought of Guruhari Sahebji and His words- I knew that He had made this happen for me!! As they say the rest is history and my dreams came true - I went on to start the Optometry course the week after and gained my Degree and Professional Qualification after 4 years. I am now working with my father running 2 Optical practices for the last 20 years!




Although I had always believed In Guruhari Sahebji, this Prasang cemented my genuine belief that He is a true Gunatit Purush or God Realised Saint. He is aware of the pathway for each individual devotee and prays for our wellbeing and spiritual progress. His greatness and humility is such that He can come across as our friend but we have to remind ourselves that He has attained God Realisation and has a direct connection with His Guru Yogiji Maharaj and Lord Swaminarayan. Everything He says or instructs us is going to be of benefit to us. It is our responsibility to fulfil his Aagna and instructions and have firm conviction that whatever the outcome, it is happening due to Gods Will. This prasang taught me to trust in the power of the Swaminarayan Mantra and that it is our lifeline to all that we will face in our lifetime. I am so grateful that we have Guruhari Sahebji as our Divine Spiritual Leader and know that He is holding my hand every step of the way. We pray for His continued Good Health as we celebrate the Swaminarayan Mandir Dashabdi Mahotsav, Guru Aagna Mahima Parva and Sarvopari Upasana Sopan in August 2025!

Jai Shri Swaminarayan! ◆



# Happy Birthday to dear Dadu !



~ Asha Mayur Karia (Vadodara)

**The** year 2004-05 was truly a significant year in my life in many ways: one of them was to pursue B. Ed. from M. B. Patel College of Education, Vallabh Vidyanagar where I happened to meet Prof. Bharat Pandya. A college teacher always in a particular dress code and a *tilak* on his forehead would stand out from the rest of us! One day a class fellow and dear friend led a few students (including me) to Prof. Pandya's religious and spiritual abode... The *Anoopam Mission* – such a unique place – just 'incredible' as the name *'Anoopam'* itself denotes its meaning!

We had one of the most cherished *darshan* of Lord swaminarayan at an utterly neat and clean temple. We were highly amazed with the hospitality by Dr. Pandya and his team. Then we happened to have one more cherished *darshan* of a great saint – the most revered and loved P. Shantidada – a divine soul, a serene face with a charismatic smile one can never forget! His pure love and affection inspired me to visit *Anoopam Mission* very often. And this is how I got to know more about the temple, the people, their notable activities, celebration of festivals as well as rituals and everything related to it. The way in which every small or mega event used to be organized at the Anoopam Mission, would absolutely amaze me. That helped me critically evaluate my own managerial skills and find out the scope for improvement.

When in 2006, I was recruited as a lecturer by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar, I desired to share one of the most significant news with P. Shantidada. And to my utter surprise, He was more thrilled than I was! He was far more excited to see me as a college teacher. I bowed down to his feet and as always he generously showered his blessings on me, offered yummy candies and chocolates and made me do Pooja of *Thakorji (*Lord Swaminarayan). He would repeat this practice every time I would meet him for sharing the most cherishing moments in my life. One day I informed him, "Dadu, by God's grace and with your blessings I purchased a 2BHK apartment in Vallabh Vidyanagar!" His joy found no bounds!! Then onwards he would introduce me to everyone saying, "Maro dikro professor chhe and Vidyanagar ma potanu ghar lidhu chhe!" Such a sense of pride can be seen and felt only in the eyes of your near and dear ones! Yes, these words by him remained always heart-winning and in the long run motivated me to achieve more and more in life.

One fine morning he very ardently said, “tara nava ghar ma aapne pooja rakhiye to kevu raheshe?” I could not believe my ears because it was a miracle. This was something I desired to tell him! He read my mind and expressed what I felt. I straight away and heartily accepted his proposal. Though I had a little confusion about hosting this sort of *Pooja* as there was no male member in the family then, Dadu made it very clear. He asked me and my sister to sit for the *Pooja*. He wished both the sisters to conduct the *Pooja* and be blessed by Thakorji. Not only this, he also ensured every arrangement to be done by the *Anoopam Mission* team and we were just to concentrate on the ritual at ease. He himself came to the house and recited the ritual-shlokas with his divine voice which there on has brought all the positive vibes to the place. Since then, 'a house' turned into 'a home' – a special home. It truly became an auspicious place where in a number of successful accomplishments took place such as my M. Phil

completion, Ph.D. Registration, my visit to the UK, submission of Ph.D. thesis as well as Ph. D. Completion, my sister's engagement followed by wedding, my engagement and wedding so on. This is because of Dada's most wondrous blessings on me!

Many such mesmerizing moments shared with Dadu are tuned in my life. Among them I choose to mention here the last one.

Due to Covid-19, unfortunately we could not meet Dadu for a couple of years. One day post the second wave of the pandemic, we had happened to visit Vallabh Vidyanagar to see a family friend who was ailing then. I had an intense desire to step down at the Anoopam Mission and meet Dadu BUT we thought since we had travelled across Sothern part of India before approaching Vallabh Vidyanagar, we should better avoid meeting people personally to keep them safe from the new variant. Hence, unwillingly we decided not to go to the *Anoopam Mission*. During our return trip to Baroda, our son Madhav insisted on having a tender coconut. And he saw a coconut vendor precisely outside the main gate of *Anoopam Mission*. On his request we stopped the car there itself and bought the tender coconuts. As soon as we started drinking them, my cell phone rang. And to my absolute astonishment, the call was from 'Shantidada'. Isn't it a miracle? I looked around just to confirm if Dadu was watching us but no… he was very much inside the premises. He in His sonorous tone said, "Jay Swaminarayan Asha beta! Kya chhe tu?" I responded, "Jay Swaminarayan, Dadu! We are outside the Anoopam Mission gate, had come to see a friend and now going back home! I am extremely sorry not to let you know because of the infection probability!"

"No problem, dikara! Pan have Thakorji ni ichcha chhe tu, Mayur ane Madhav andar aavo ane nava mandir ma darshn karo... hu raah jovu chhu!" He affectionately exclaimed.

"Sure, Dadu!", I immediately captured the moment to see Him after a long time.

We entered the temple and there He was… warmly welcoming us with the same radiant smile and affectionate eyes one can ever forget! He was more contented to see Madhav doing *Sashtang*. He requested Seemadidi to accompany us to the newly built up temple. We followed His words. He waited for us to bless us before the departure. Now I realize whose departure it was! I never knew that would be our last meeting!! But He could foresee that…

March 06, this year when I visited the Anoopam Mission, I visualized Him everywhere – I imagined Him taking me to the Yogi Prasad, making me sit beside Him on the same table, persuading me to eat everything till my hunger (both material and spiritual) is gratified. What a motherly concern! I could not hold back my tears. I constantly looked for that unsurpassed elegance, benign grace, that chaste smile, the untainted affection and wonderful warmth!

Every year March 07, Dadu was the first (even before my parents) to wish me and bless me on my birthday. I had been indeed very fortunate to receive this bliss for almost two decades! This year I truly miss that care, concern and compassion. He showered His love without expecting any reciprocation. How unconcerned of me to never wish Him on His birthday! Like a saint in its true sense He never expected anything in return!

But this time I, without missing it further, express my gratitude to Him by bowing down to His holy feet, wish Him "A very Happy Birthday, Dadu! I am sure God is with you and is relishing your nectar like smile and serenity!" Jay Swaminarayan ◆





# ગુરુઆજ્ઞાપાલનમાં સદા તત્પર પૂ. શાંતિદાદા

~ ડૉ. ધનંજય પટેલ



**'સાહેબદાદા** આપને યાદ કરે છે.' એમ જો કોઈ, પૂ. શાંતિદાદાને કહે તો તેમને જોવા જેવા હોય ! જે કરતા હોય તે બધું બાજુ પર મૂકીને તરત ઊભા થઈને બસ દોડવાની જ તૈયારી કરે. સાહેબદાદા સાથે ફોન પર વાત કરે તો પણ જાણે સાહેબદાદા સામે જ ઊભા હોય તેવી વિનમ્રતા સાથે પોતાના સ્થાને ઊભા થઈને ગદ્‌ગદભાવે તેમને સાંભળે. અને સાહેબદાદા જો રૂબરૂ બોલાવે ને વાત કરે તો તેમના હૈયે તે ક્ષણની ધન્યતા અને આંખો ભીની અનુભવાય ! આપણે સૌએ તે દર્શન કર્યાં જ છે !

તેઓના હૈયે વ્યાપેલી આવી ધન્યતાનો અનુભવ કરવાનો મને પણ અવસર મળ્યો છે. લગભગ ૧૪-૧૫ વર્ષ પહેલાંનો પ્રસંગ છે. ૨૩ જાન્યુઆરીની સવારે ગુરુદેવ યોગીજી મહારાજની પુણ્યતિથિની સભા પ્રાસાદિક આમ્રવૃક્ષ નીચે સંતભગવંત સાહેબજીની નિશ્રામાં કરી રહ્યા હતા. ત્યારે પહેલી વખત તે સભામાં અમે યોગીબાપાના આશીર્વાદનું પ્રવચન વગાડ્યું. તે સાંભળી સાહેબદાદા અને સૌ સદ્‌ગુરુ સંતો ખૂબ રાજી થયા. મારે રિસર્ચના કામ માટે બગોદરા જવાનું હતું એટલે જેવી સભા પૂરી થઈ કે તરત જ હું કોઈનેય મળ્યા વગર ત્યાંથી નીકળી ગયો.

પૂ. શાંતિદાદાએ મને શોધ્યો. હું ના મળ્યો એટલે તેઓએ પૂ. પરેશદાસજીને સંદેશો આપ્યો કે, 'આજે યોગીબાપાનું જે પ્રવચન વગાડ્યું તે સાંભળીને લખવાનું છે તો ધનંજયને કહેજો કે તે લખી આપે !' માંડ ૫-૬ કિલોમીટર અંતર કાપ્યું હશે, રસ્તામાં જ હતો અને પૂ. પરેશદાસજીએ ફોન કરીને મને પૂ. શાંતિદાદાની આજ્ઞા જણાવી. પૂ. શાંતિદાદા સેવા માટે આપણને યાદ કરે અને આવી આજ્ઞા કરે તેનો આનંદ કંઈક જુદો જ હોયને ! તે આનંદ સાથે આખા રસ્તે બાઈક ચલાવતાં ચલાવતાં એ વિચારોમાં મગ્ન રહ્યો કે, 'વર્ષો પહેલાં અનુપમ મિશન દ્વારા પ્રકાશિત 'પ્રગટની પરાવાણી' નામના ગ્રંથ માટે યોગીબાપાનાં પ્રવચનો સાંભળીને લખવાની જે સેવા પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદાએ કરેલી તેવી સેવા મને મળી ! મારાં અહોભાગ્ય !'

પરંતુ, આખો દિવસ કામમાં જ વ્યસ્ત રહેવાયું અને આવતાં મોડું થયું. પૂ. શાંતિદાદાને મળવાની તાલાવેલી તો હતી પણ, સંજોગોવશાત્ મળી ના શકાયું. બીજા દિવસે પૂ. શાંતિદાદા વિચરણ અર્થે નીકળી ગયા અને ૨-૪ દિવસો બાદ પાછા આવ્યા ત્યારે તેઓને મળવાનું થયું, પણ ત્યારે આ સોંપાયેલી સેવા બાબતે કોઈ વાત થઈ નહીં. તેઓએ પણ ના પૂછ્યું અને મેં પણ કોઈ વાત ના કરી. પણ મેં તેઓની આજ્ઞા મુજબ યોગીબાપાનું એ આશીર્વાદ પ્રવચન સાંભળીને લખી દીધું હતું.

ત્યારબાદ ૩૧મી જાન્યુઆરીએ 'વર્ણીકુંજ'માં પૂ. સાહેબદાદાની નિશ્રામાં શિબિર હતી. બહુ મોટી સંખ્યામાં ભક્તો પધાર્યા હતા. મંડપ બાંધ્યો હતો. પૂ. સાહેબદાદા આશીર્વાદ વરસાવી રહ્યા હતા ને અચાનક જ તેઓએ ૨૩ જાન્યુઆરીએ સવારે વગાડેલા પૂ. યોગીબાપાના પ્રવચનને યાદ કર્યું. પછી ચાલુ પ્રવચનમાં પૂ. શાંતિદાદા બાજુ જોઈને બોલ્યા કે, 'પ્રવચન લખાઈ ગયું ?' આખી સભા વિસ્મયમાં અને પૂ. શાંતિદાદા તો સ્તબ્ધ !

હું સભામાં સ્ટેજથી દૂર પૂ. પરેશદાસજીની બાજુમાં બેઠો હતો. જોરથી મારા પગ પર હાથ પછાડીને તેઓ મને કહે કે, 'બોલ લખાઈ ગયું છે !' મને એમ થાય કે, 'આટલી મોટી સભામાં બધા વચ્ચે ક્યાં આવું કરવું.' મારો આટલો નાનો વિચાર પૂરો થાય ત્યાં તો ફરી તેઓએ કહ્યું કે, 'શું કરે છે ? ઊભો થઈને બોલને.' આખી સભા શાંત હતી, પૂ. શાંતિદાદા બે હાથ જોડી મૌન હતા એટલે તરત જ હું ઊભો થયો ને જોરથી બૂમ પાડીને બોલ્યો કે, 'સાહેબદાદા ! લખાઈ ગયું છે.' તો સાહેબદાદા કહે કે, 'ક્યાં છે ?' મેં કહ્યું, 'રૂમમાં !' બધા હસી પડ્યા. હું બ્રહ્મજ્યોતિમાં જ રહેતો હતો એટલે તરત જ રૂમમાં જઈને તે ચોપડો લઈ આવ્યો કે જેમાં મેં એ પ્રવચન લખ્યું હતું. સભા પછી મંચ પર જઈને પૂ. સાહેબદાદાને એ ચોપડો અને એમાં લખેલું પ્રવચન બતાવ્યું, તે જોઈ સાહેબદાદા ખૂબ પ્રસન્ન થયા. અને તે સમયે પૂ. શાંતિદાદા તો એટલા બધા રાજી હતા કે ના પૂછોને વાત !

સભા પૂરી થઈ ને બધા જતા રહ્યા પછી પૂ. શાંતિદાદાએ મને રોક્યો, રાજીપો વરસાવ્યો. ડાયાબિટીસ હોવાથી સામાન્ય રીતે પૂ. શાંતિદાદા સભા પછી સીધા જમવા જ પધારે, પરંતુ તેને બદલે તેઓ મને તેમની ઑફિસમાં લઈ ગયા, પ્રસાદ આપ્યો, ભેટ્યા અને ખૂબ પ્રસન્નતા વરસાવી બોલ્યા કે, 'સાહેબદાદા મને સેવા સોંપે અને પછી ક્યારેક તે બાબતે પૂછે અને તે સમયે જો તે તૈયાર હોય તો મને અંતરે એટલી હાશ થાય! આજે જ્યારે સાહેબદાદાએ માંગ્યું ને તમે બૂમ પાડીને જવાબ આપ્યો તો હું તો ખુશ થઈ ગયો ! કોણે આપણને સેવા સોંપી અને કોણે આપણી પાસે માંગ્યું ! મજા આવી ગઈ આજે આપણને તો ! સાહેબદાદા આપણી પાસે કંઈક માંગે ને આપણે હાજર કરી દઈએ તો કામ થઈ જાય આપણું !' અને એમ કહીને સાહેબદાદા પ્રતિની તેમની ભક્તિનાં દર્શન કરાવતા ગયા ! મને ત્યારે આખી વાત સમજાઈ કે, ૨૩ જાન્યુઆરીએ યોગીબાપાનું એ પ્રવચન લખાવી લેવાની આજ્ઞા પૂ. સાહેબદાદાએ પૂ. શાંતિદાદાને કરી હતી. પરંતુ; તેનાં પાલનની તત્પરતા અને ધન્યતા તેમને કેટલી બધી હતી !

મને થયું કે, પૂ. શાંતિદાદા કેમ આટલા બધા રાજી થયા ? આમ જોઈએ તો પૂ. શાંતિદાદાએ આખું જીવન પૂ. સાહેબદાદાને સોંપી દીધું હતું. આવી તો લાખો આજ્ઞાઓ તેઓએ આટલાં વર્ષોમાં પાળી દીધી હશે અને કાયમ પાળતા જ રહ્યા છે. તેઓએ તો સાહેબજીને રાજી કરી જ લીધા હતા. તો આજે કદાચ આ એક આજ્ઞા ના પળાત તો શું થઈ જાત ? પણ આજેય તેઓના મુખેથી સરેલા એ શબ્દો મારા કાનમાં ગૂંજે છે કે, 'કોણે આપણને સેવા સોંપી અને કોણે આપણી પાસે માંગ્યું ! સાહેબદાદા આપણી પાસે કઈંક માંગે ને આપણે હાજર કરી દઈએ તો કામ થઈ જાય આપણું !' અને પછી તો આ પ્રસંગને તેઓએ ઓછામાં ઓછો પંદર વખત યાદ કર્યો હશે.

તે દિવસે પણ અને જીવનભર પૂ. સાહેબદાદાની આજ્ઞાનાં પાલન માટે તેઓ કેવા તત્પર રહ્યા તેનું આ દર્શન હતું ! સંતભગવંત સાહેબજી પ્રતિનો તેમનો આ સ્વામીસેવકભાવ હતો, જે ભક્તિની પરાકાષ્ઠાએ હતો ! આ પ્રસંગ મારા જીવનનો અમૃત અનુભવ બન્યો કે જેણે મારા જીવનમાં ગુરુ આજ્ઞાપાલનનું મહત્ત્વ દઢ કરાવ્યું ! આવી તો ઘણી બધી કૃપા પૂ. શાંતિદાદાએ મારા અને આપણા સૌ પર કરી છે, જેને માટે આપણે તેઓના શાશ્વતકાળ પર્યંત ઋણી છીએ. આમ તો રોજ, પણ આજે તેઓના પ્રાગટ્યમંગલે વિશેષ તેઓની સ્મૃતિ કરી, તેઓના શ્રી ચરણે અનંત વંદન ધરું છું ! તેઓને સદાકાળ પ્રસન્ન કરી શકું તેવી પ્રાર્થના ધરું છું ! તેઓએ વરસાવેલ પ્રેમ અને કૃપા માટે તેઓનો અંતરથી આભાર વ્યક્ત કરું છું ! ◆

# ભાગ્ય ખૂલે જહાં સંત પધારે

**સંતભગવંત** સાહેબજીની આજ્ઞા ઝીલી સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, સાધુ પૂ. પરેશદાસજી, સાધુ પૂ. રવિદાસજી ૨૭ જૂન ૨૦૨૫ના રોજ અમેરિકાની ધર્મયાત્રાએ પધાર્યા. સાહેબજી યૂથ શિબિર અને મંદિરજીનાં પાટોત્સવ પૂજન પ્રસંગ નિમિત્તે તેઓ સૌ પ્રથમ ૨૯ જૂનના રોજ લૉસ ઍન્જલસ સ્થિત મંદિરજીમાં પધાર્યા. સૌ સ્થાનિક ભક્તોએ ભાવપૂર્ણ સ્વાગત કર્યાં. ૩૦ જૂનના રોજ સાધુ પૂ. પરેશદાસજીના ૬૬મા પ્રાગટ્યદિનની ઉજવણી કરી. આ બંને દિવસની સભાઓમાં સંતોએ સત્સંગલક્ષી સુંદર માર્ગદર્શન આપ્યાં.

૧થી ૪ જુલાઈ દરમિયાન સાહેબજી યૂથ શિબિર યોજાઈ, જેમાં લૉસ ઍન્જલસ, સાન ફ્રાન્સિસ્કો, સિઍટલ, વૅનકુંવર આદિ મંડળોનાં બાળકો-યુવાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. પ્રતિનિધિ સંતો, અક્ષરમુક્તો, યુવાનેતાઓએ દીપપ્રાગટ્ય કરી શિબિરનું ઉદ્‌ઘાટન કર્યું. ભાવિનભાઈએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યાં. પરસ્પર પરિચિત થઈ શિબિરાર્થીઓએ યુવાલીડર્સ પાસેથી શિબિર રૂપરેખાની માહિતી મેળવી. શિબિરમાં સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, પૂ. જયેશદાસજી, પૂ. પરેશદાસજી, પૂ. આશિષદાસજી અને પૂ. રવિદાસજી આદિ સંતોનાં પ્રેરણાદાયી માર્ગદર્શન અને આશીર્વાદ પામી સૌએ અપાર બળ મેળવ્યાં. આ શિબિરમાં 'ઘનશ્યામ', 'નીલકંઠ', 'સહજાનંદ' એમ જુદા જુદા વિભાગોમાં શિબિરાર્થીઓએ વિવિધ પ્રવૃત્તિઓ, રમત-ગમત અને સત્સંગલક્ષી કાર્યક્રમોના માધ્યમથી આધ્યાત્મિક જ્ઞાન પાકું કર્યું. સંતો સાથે સમાગમ અને ગોષ્ઠિ કરી શિબિરાર્થીઓએ વ્યક્તિગત અને સત્સંગવિકાસની સુંદર સમજણ પ્રાપ્ત કરી. આ શિબિર દરમિયાન ૩ જુલાઈના રોજ મંદિરજીની મૂર્તિઓની દ્વિતીય પાટોત્સવ પૂજનવિધિ સંતોનાં સાંનિધ્યમાં ખૂબ ભાવથી સંપન્ન થઈ, જેમાં સૌ ભક્તો તથા યજમાનોએ અત્યંત શ્રદ્ધા સાથે ભાગ લીધો. આ ઉપરાંત લૉસ ઍન્જલસમાં સ્થાનિક અક્ષરમુક્તોનાં ઘરે અને કર્મયોગ સ્થળે પધરામણીઓ કરી સંતોએ સૌને સત્સંગનું અલભ્ય સુખ આપ્યું. સૌ ભક્તોની ભાવભરી વિદાય લઈ સંતો ૫ જુલાઈના રોજ ફ્રિમૉન્ટ પધાર્યા.

૫ અને ૬ જુલાઈના રોજ ફ્રિમૉન્ટમાં જાહેર સત્સંગસભા યોજાઈ, જેમાં પૂ. મનોજદાસજી અને સંતોએ સત્સંગનું સુંદર ભાથું પીરસ્યું. ૬ અને ૭ જુલાઈના રોજ સ્થાનિક અક્ષરમુકતોનાં ઘરે અને કર્મયોગ સ્થળે પધારી સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી. ૮ જુલાઈના રોજ સંતોએ સિઍટલ પધારી સ્થાનિક ભક્તોને સત્સંગ-સમાગમનો લાભ આપ્યો. ૧૦ જુલાઈ સુધી સિઍટલમાં રોકાઈને સભાઓ અને પધરામણીઓ દ્વારા સૌને સત્સંગનું સુખ વહેંચ્યું. સંતભગવંત સાહેબજીના જીવનસંદેશ અને ઉપદેશને દઢાવી સંતોએ પરદેશમાં ભક્તિની આહલેક જગાડી. ૧૧ જુલાઈના રોજ સંતો સિઍટલથી ઍલનટાઉન પધાર્યા, જ્યાં સંતો-ભક્તોએ તેઓનું ભક્તિસભર સ્વાગત કર્યું. સ્વાગતસભામાં પૂ. મનોજદાસજી અને સંતોએ ભારતના ભક્તોના સમાચાર આપી, સંતભગવંત સાહેબજીના મહિમાની વાતો કરી. ૨૨ જુલાઈ સુધી ઍલનટાઉનમાં રોકાઈને સંતોએ સ્થાનિક અક્ષરમુકતોને સત્સંગનો લાભ આપ્યો. આ રોકાણ દરમિયાન ૧૨ જુલાઈના રોજ ગુરુપૂર્ણિમા ઉત્સવ ઊજવાયો. સૌ ભક્તોએ અત્યંત ભાવથી ગુરુપૂજન કરી સંતોના આશીર્વાદ મેળવીને ધન્યતા અનુભવી. ૧૩થી ૨૦ જુલાઈ દરમિયાન



લૉસ ઍન્જલસમાં યોજિત 'સાહેબજી યૂથ શિબિર'માં સંતોનાં સાંનિધ્યે શિબિરાર્થીઓ




લૉસ ઍન્જલસ મંદિરે 'સાહેબજી યૂથ શિબિર'માં સંતોનાં માર્ગદર્શન



લૉસ ઍન્જલસ સ્થિત મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજીનાં પાટોત્સવ પૂજન

યોગી યૂથ કૅમ્પ યોજાયો, જેમાં અમેરિકાના ૧૫૦થી વધુ શિબિરાર્થીઓએ ભાગ લીધો. સ્થાનિક સંતોની સાથે ભારતથી પધારેલ પૂ. મનોજદાસજી અને સંતોએ સૌ શિબિરાર્થીઓને અદ્ભુત લાભ અને સત્સંગલક્ષી માર્ગદર્શન આપ્યાં. વળી, જેઓએ આ શિબિરનું સુકાન સાંભળ્યું હતું તેવા અમેરિકામાં જ જન્મેલા અને ઊછરેલા યુવાનેતાઓની સેવા અને નિષ્ઠાની સરાહના કરી તેઓની ભક્તિને બિરદાવી. ૧૫ જુલાઈના રોજ રિચમન્ડ ખાતે આવેલ અનુપમ મિશનના મંદિરજીની મૂર્તિઓનાં પાટોત્સવપૂજન અર્થે સંતો પધાર્યા. સ્થાનિક ભક્તોએ અત્યંત ભાવથી સંતોને આવકાર્યા. પાટોત્સવવિધિમાં જોડાઈને સ્થાનિક યજમાન ભક્તોએ ભક્તિ અદા કરી. સંતોનાં આશીર્વાદ અને સાંનિધ્યને પામી સૌ અત્યંત રાજી થયાં.

તેઓની ભાવભીની વિદાય લઈને બીજા દિવસે સંતો પરત ઍલનટાઉન પધાર્યા. ૨૦ જુલાઈના રોજ ઍલનટાઉન મંદિરની મૂર્તિઓની પાટોત્સવ પૂજનવિધિ સંપન્ન થઈ. સ્થાનિક અક્ષરમુક્તો યજમાન સ્વરૂપે પૂજનવિધિમાં જોડાયા અને સંતોએ ભક્તિભાવપૂર્વક પાટોત્સવ પૂજન કર્યાં. પાટોત્સવ સભા બાદ સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિનની ઉજવણી થઈ, જેમાં સંતો-ભક્તોએ માહાત્મ્યગાન કરી આશિષયાચનાઓ કરી. ઍલનટાઉનમાં રોકાણ દરમિયાન સંતોએ ભક્તોનાં કર્મયોગ ક્ષેત્ર અને નિવાસસ્થાને પધારી ધૂન-પ્રાર્થનાઓ કરી. ૨૧ જુલાઈના રોજ વિદાયસભા યોજાઈ, જેમાં સૌએ સંતોને ભાવભરી વિદાય પાઠવી.

સૌની વિદાય સ્વીકારી સંતો ૨૨ જુલાઈના રોજ ડિટ્રોઇટ પધાર્યા. ૨૨ અને ૨૩ જુલાઈના રોજ સ્થાનિક ભક્તોના ઘરે પધરામણીઓ કરી, મહાપૂજામાં પ્રાર્થના કરીને સમાગમનો લાભ આપી ૨૪ જુલાઈના રોજ શિકાગો પધાર્યા. શિકાગોમાં અનુપમ મિશન, અમેરિકાના પ્રમુખ ડૉ. જિતેન્દ્રભાઈ અને ભક્તોએ સંતોનાં ભાવથી સ્વાગત કર્યાં. સ્થાનિક ભક્તો સાથે સભામાં સત્સંગ-સમાગમનો આનંદ માણી પિયોરિયા પધાર્યા.

૨૪થી ૨૭ જુલાઈ દરમિયાન પિયોરિયામાં રોકાણ કર્યું. પિયોરિયામાં નવનિર્મિત મંદિરજીના શ્રી ઠાકોરજીનાં દર્શન કરી સંતોએ વંદનભાવ ધર્યા.




ઍલનટાઉન મંદિરે ભારતથી પધારેલા સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતોનાં સ્વાગત તેમજ 'યોગી યૂથ કૅમ્પ'માં પધારેલ શિબિરાર્થીઓને માર્ગદર્શન





ઍલનટાઉન મંદિરે દીપપ્રાગટ્ય દ્વારા 'યોગી યૂથ કૅમ્પ'નાં ઉદ્‌ઘાટન

ઍલનટાઉન મંદિરે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિનની ઉજવણી

સ્થાનિક ભક્તોના ઘરે પધરામણી-મહાપૂજાઓ કરી સૌની સુખાકારી માટે ધૂન-પ્રાર્થનાઓ કરી તેમજ સત્સંગસભાઓમાં ભક્તોને સત્સંગલાભ પ્રદાન કર્યો. ૨૭ જુલાઈના રોજ સાંજે પરત શિકાગો પધાર્યા અને ૨૮ જુલાઈની સવારે ફ્લાઇટમાં ડલાસ પધાર્યા. ડલાસમાં સ્થાનિક ભક્તોને મળીને સંતોએ સત્સંગનો આનંદ વહેંચ્યો. સ્થાનિક ભક્તો પણ સંતોની સન્નિધિ પામી ભાવવિભોર બન્યા.

૩૦ જુલાઈના રોજ ફ્લાઇટ દ્વારા સંતો સ્પ્રિંગફિલ્ડ પધાર્યા. દિવસ દરમિયાન સ્થાનિક ભક્તોને ત્યાં પધારી ધૂન-પ્રાર્થનાઓ કરી અને ૩૧ જુલાઈના રોજ બફેલો પધાર્યા. બફેલોમાં નિવાસ કરતા ભક્તોને મળી સત્સંગ-સમાગમનું સુખ આપીને સંતોએ ૧ ઑગસ્ટના રોજ કાર દ્વારા કૅનેડા પ્રતિ પ્રયાણ કર્યું.

કૅનેડામાં ભક્તિસભર યુવાનો અને ગૃહસ્થ મુક્તોએ સંતોનું ભાવથી સ્વાગત કર્યું. ૧થી ૫ ઑગસ્ટ દરમિયાન યોજાનાર યૂથશિબિરનું સાંજે સંતો અને વડીલ ભક્તોએ ઉદ્‌ઘાટન કર્યું. આ શિબિરની થીમ 'આપણો અનુપમ વારસો' હતી, જે અનુસંધાને વિવિધ કાર્યક્રમો યોજાયા. જેમાં અમેરિકા-કૅનેડાના તેજસ્વી યુવાઓએ ખૂબ મોટી સંખ્યામાં ભાગ લીધો. તેઓ સૌની ભક્તિ અને સંતભગવંત સાહેબજીને પ્રસન્ન કરવાની ભાવનાને બિરદાવી સંતોએ માર્ગદર્શન અને આશીર્વાદ પ્રદાન કર્યાં. યુવાઓ દ્વારા આયોજિત આ શિબિરમાં સર્વાંગી ઘડતરની પ્રવૃત્તિઓ, અધ્યાત્મલક્ષી આયોજનો, સાંસ્કૃતિક કાર્યક્રમ આદિમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈને શિબિરાર્થીઓએ પાયાના સત્સંગના પાઠ પાકા કર્યા.

૫ ઑગસ્ટના રોજ કૅનેડાના ભક્તોની વિદાય લઈને સંતો અમેરિકાના બૉસ્ટન ખાતે પધાર્યા. બે દિવસ બૉસ્ટનમાં રોકાણ કરીને ભક્તોને આધ્યાત્મિક લાભ પ્રદાન કર્યો.

પૂ. મનોજદાસજી અને પૂ. પરેશદાસજી, પૂ. રવિદાસજીની સન્નિધિને માણી અમેરિકા-કૅનેડાના ભક્તો અપાર રાજી થયા. તેઓ સૌની ભાવભરી વિદાય સ્વીકારી, ૭ ઑગસ્ટના રોજ સંતોએ ઈંગ્લૅન્ડમાં યોજિત શ્રી મંદિરજી દશાબ્દી મહોત્સવમાં સહભાગી બનવા માટે પ્રસ્થાન કર્યું. ◆





ઍલનટાઉન મંદિરે બિરાજમાન શ્રી ધામ-ધામી-મુક્ત અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન તથા પાટોત્સવ આરતી અર્પણ

# સત્સંગ સમાચાર

## ગુરુપૂર્ણિમા ઉત્સવની ભક્તિભીની ઉજવણી

ભારતીય આધ્યાત્મિક પરંપરાના મહામંગલકારી ઉત્સવ ગુરુપૂર્ણિમાની દિવ્ય અને ભવ્ય ઉજવણી ૧૦ જુલાઈ ૨૦૨૫ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, અનુપમ મિશન, મોગરી ખાતે સંપન્ન થઈ. અનુપમ મિશનના અધિષ્ઠાતા અને સંતો-ભક્તોના જીવનપ્રાણ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના દિવ્ય પુનિત ચરણોમાં ગુરુપૂર્ણિમા ઉત્સવ નિમિત્તે ગુરુભક્તિની અલૌકિક ભાવના સૌએ વ્યક્ત કરી.

યુવાનોએ તૈયાર કરેલ ભવ્ય ને સુંદર કલાત્મક સુશોભિત રથમાં બિરાજમાન થઈને સંતભગવંત સાહેબજી સભાખંડમાં પધાર્યા. સંતભગવંત સાહેબજીના દિવ્ય રથને નૂતન યુવાસંતોએ મંચ સુધી દોરી લાવી સૌને અલૌકિક દર્શન કરાવ્યાં. સૌ પર અમીવર્ષા વરસાવતા સંતભગવંત સાહેબજીએ દર્શન-સ્મૃતિનું સુખ આપી સૌ ભક્તોના ભાવ ઝીલ્યા. દેશ-વિદેશમાં વસતા સૌ સંતો-અક્ષરમુક્તો વતી સંતભગવંત સાહેબજીનાં પૂજન કરવામાં આવ્યાં અને વિશિષ્ટ હાર અર્પણ કરાયા. તેઓને જે હાર અર્પણ કરાયો તે હાર તેઓએ પૂ. અશ્વિનદાદાને સાથે રાખીને સ્વીકાર્યો અને બંનેની એકતાનાં અદ્‌ભુત દર્શનદાન આપી સૌને દિવ્ય સ્મૃતિ આપી. સભાપ્રારંભે પૂનમભાઈ શર્મા (સુરત), સાધુ પૂ. સતીશદાસજીએ ગુરુમહિમાનાં અદ્‌ભુત ગાન કર્યાં. અનુપમ સૂરવૃંદે ગુરુમહિમાનાં કીર્તનો ગાઈને વાતાવરણને ભક્તિભીનું કરી દીધું.

આ પ્રસંગે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ વિશિષ્ટ રીતે તેઓ બંને માટે તૈયાર કરાયેલા હાર પરસ્પર એકબીજાને પહેરાવ્યા. મુંબઈ નિવાસી ઊંચા ગજાના સંગીત કલાકાર અક્ષરમુક્ત શ્રી જયેશભાઈ ગાંધી દ્વારા લિખિત કીર્તન રચના 'સાહેબજી ચરણોં મેં મેરા વંદન...'નાં મુક્તાર્પણ સંતભગવંત સાહેબજીએ કર્યાં. શ્રી જયેશભાઈ ગાંધીએ જ પોતાના સુમધુર કંઠે આ કીર્તન ગાઈને રેકોર્ડ કરાવી અદ્‌ભુત ભક્તિ અદા કરી. ત્યારબાદ સદ્‌ગુરુ સાધુઓ પૂ. રતિકાકા અને પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી સંતભગવંત સાહેબજી અને ગુરુદેવ યોગીજી મહારાજનાં અદ્‌ભુત માહાત્મ્યને વર્ણવ્યું. તેઓએ ગુરુહરિ સાહેબજીની સામર્થી અને ગુણાતીત અવસ્થાની સુંદર વાતો કરી સૌને ગુરુવચને જીવન જીવવા માર્ગદર્શન આપ્યાં.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી જણાવ્યું કે, 'આપણને ભગવાને માનવદેહ આપ્યો છે તે ભગવાનની સેવામાં વાપરવો તે આપણી ભક્તિ છે. જીવનમાં પ્રભુ અને ગુરુને સર્વોપરી સ્થાન આપવું. તેઓની આજ્ઞા આવે એટલે બીજું બધું ગૌણ થઈ જવું જોઈએ. સૌમાં નિર્દોષભાવ ને દિવ્યભાવ રાખવો. સૌના ગુણ જ જોવા, ગાવા અને સાંભળવા. ચાતુર્માસના નિયમો પાળવા. સંપ, સુહૃદભાવ અને એકતા રાખી, હળીમળીને ભક્તિ કરી, પ્રભુપ્રસન્નતાનાં પાત્રો બનવા માટે જાગ્રતતા રાખવી.'

સંતભગવંત સાહેબજીની દિવ્ય પરાવાણીથી પ્રસરેલા અપાર આનંદને હૃદયમાં ભરી સૌએ વ્યક્તિગત રીતે ગુરુપૂજનનો લાભ લઈ ધન્યતા અનુભવી. આ પ્રસંગે ભક્તોએ પુષ્પ, હાર, દક્ષિણા અને હૈયાના ભાવ અર્પણ કરી ગુરુભક્તિ અદા કરી. ◆



ગુરુપૂર્ણિમા ઉત્સવસભામાં કલાત્મક રથમાં પધારતા ગુરુહરિ સાહેબજી



ગુરુપૂર્ણિમાના પાવન અવસરે ગુરુહરિ સાહેબદાદાને હૃદયભાવ અર્પણ કરતા સંતો

### રક્તદાન કૅમ્પ

ગુરુપૂર્ણિમાના મહામંગલકારી પર્વ નિમિત્તે અનુપમ મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં ૧૦ જુલાઈ ૨૦૨૫ના રોજ રેડક્રોસ સોસાયટી, આણંદના સહયોગથી રક્તદાન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અનુપમ મિશનના સંતો, હરિભક્તો સાથે ઈન્ફોર્મેશન ટૅકનોલૉજી સૅન્ટરના વિદ્યાર્થીઓ અને શિક્ષકો આદિએ મોટી સંખ્યામાં સહભાગી થઈ ૧૨૦ યુનિટ રક્તદાન કર્યું. રેડક્રોસ સોસાયટી દ્વારા બધા જ રક્તદાતાઓને પ્રમાણપત્ર અને ભેટ અર્પણ કરવામાં આવી.

આ કૅમ્પમાં સંતભગવંત સાહેબજીએ પધારી, રક્તદાતાઓને આશીર્વાદ પાઠવ્યા તથા રેડક્રોસ સોસાયટી, આણંદ દ્વારા થતા આ સેવાકાર્યની સરાહના કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા અને વડીલ સંતોએ પણ સૌને પ્રોત્સાહિત કર્યાં. રેડક્રોસ સોસાયટી, આણંદના મંત્રી શ્રી શૈલેશભાઈ, ડૉક્ટર્સ, નર્સ અને સ્ટાફે પોતાની ફરજ બજાવી સુંદર કામગીરી કરી. સાધુ પૂ. પીટરદાસજીનાં માર્ગદર્શન અને સંકલન દ્વારા આયોજિત આ કૅમ્પમાં સાધુ પૂ. શ્રેયસદાસ અને અનુપમ મિશનના યુવકમંડળે ઉત્સાહપૂર્વક સેવા કરી કૅમ્પને સફળ બનાવ્યો. ◆

### સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા પ્રાગટ્યપર્વ

*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** ૧૫ જુલાઈ ૨૦૨૫ના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના તારીખ મુજબના ૮૪મા પ્રાગટ્યદિને સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે માહાત્મ્યદર્શન સભા યોજાઈ. પૂ. અશ્વિનદાદાએ સર્વપ્રથમ શ્રી ઠાકોરજી, સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ત્યારબાદ સૌ સંતો-ભક્તો વતીથી સંતોએ પૂ. અશ્વિનદાદાને પૂજન-પુષ્પહાર અર્પણ કરી ભાવવંદન ધર્યાં. આ પાવન પ્રસંગે અનેક ભક્તોએ પુષ્પગુચ્છ, પુષ્પહાર તથા સ્મૃતિભેટ દ્વારા ભાવાર્પણ કર્યા. સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશના સૌ ભક્તોએ રથયાત્રા-પૂ. અશ્વિનદાદાના તિથિ પ્રાગટ્યદિનથી લઈને ૧૫ જુલાઈ-તારીખ પ્રાગટ્યદિન દરમિયાન ૫૦૦ મંત્રપોથીમાં ૮૫ લાખ 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર'નું લેખન કરી વિશિષ્ટ ભક્તિ અર્પણ કરી, જેઓ ઉપર સંતભગવંત સાહેબજી અને સૌ સદ્‌ગુરુ સંતોએ અપાર રાજીપો દર્શાવ્યો.

આ પ્રસંગે ઈંગ્લૅન્ડમાં યોજાનાર શ્રી મંદિરજી દશાબ્દી મહોત્સવની સેવાર્થે પધારતા સંતો સાધુ પૂ. પીટરદાસજી, પૂ. અશોકદાસજી, પૂ. દિનેશદાસજી (માણાવદર), પૂ. ગોરધનદાસજી અને પૂ. મણિલાલદાસજીને વિદાયની શુભેચ્છાઓ આપવામાં આવી. સાધુ પૂ. પીટરદાસજી, પૂ. યજ્ઞેશદાસજી, પૂ. ઉત્પલદાસજીએ પ્રાસંગિક મહિમાગાન કરીને પૂ. અશ્વિનદાદાના દિવ્ય જીવન અને અનુપમ ગુરુભક્તિની હૃદયસ્પર્શી વાતો કરી. આ સંતોએ સંતભગવંત સાહેબજીની અનુવૃત્તિ મુજબ ભગવાન અને ભક્તોની સેવામાં વહેતા તેઓનાં જીવનમાહાત્મ્યને અત્યંત ભાવપૂર્વક વર્ણવ્યું. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી વિશ્વભરમાં સંતભગવંત સાહેબજીની પ્રસન્નતાર્થે જીવન જીવતા, સેવા-ભક્તિ કરતા સંતો-ભક્તોની ભક્તિને બિરદાવી રાજીપો તેમજ સંતોષ વ્યક્ત કર્યો. સંતભગવંત સાહેબજીએ પણ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના મહિમાને ઉજાગર કરી સૌને આધ્યાત્મિક માર્ગદર્શન પ્રદાન કર્યું. ◆

*** ઉપાસના ધામ, અમદાવાદ :** ૧૫ જુલાઈ ૨૦૨૫, મંગળવારના રોજ ઉપાસના ધામ, અમદાવાદ ખાતે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનો ૮૪મો પ્રાગટ્યોત્સવ સાધુ પૂ. ગૌતમદાસજી અને પૂ. ચંદ્રેશદાસજીનાં



રક્તદાન કૅમ્પમાં રક્તદાતાઓને તથા ડૉક્ટર્સ અને સ્ટાફને સાહેબજીનાં આશીર્દાન




સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિનની સભામાં આશીર્દાન

સાંનિધ્યે ભક્તિભાવ સાથે ઉજવાયો. આ દિવ્ય પ્રસંગે શ્રી ઠાકોરજીને ડ્રાયફ્રૂટસના અદ્‌ભુત વાઘા અમદાવાદ મંડળનાં બહેનો દ્વારા જાતે બનાવી સેવારૂપે અર્પણ કરવામાં આવ્યા. શ્રી ઠાકોરજીની મૂર્તિ પાછળ સુંદર પિછવાઈ તથા સંતભગવંત સાહેબજી અને પૂ. અશ્વિનદાદાનાં આસનની સુંદર સજ્જામાં સુશોભન ટીમની ભક્તિનાં દર્શન થતાં હતાં. સભાપ્રારંભે સૂરવૃંદના યુવાનો દ્વારા સુંદર કીર્તનભક્તિ અર્પણ થઈ. પૂજન-પુષ્પહાર અર્પણ કર્યા બાદ દિયાબહેન, પરિતોષભાઈ, ડૉ. અંકિતાબહેન જોશી, એકતાબહેન બારોટ, શ્રુતિબહેન પાઠક અને ભાર્ગવભાઈ ચાંદેગરાએ મહિમાગાન પ્રવચન કર્યાં. અંતે સાધુ પૂ. ગૌતમદાસજીએ સૌને આશીર્વાદ આપ્યા. સભાસંચાલન ચેતનભાઈ વ્યાસે કર્યું. ◆

*** ઉપાસના ધામ, વેમાર :** ઉપાસના ધામ, વેમાર મુકામે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના ૮૪મા પ્રાગટ્યપર્વ અને હિંડોળાપર્વની ઉજવણી તથા કીર્તનઆરાધનાનું આયોજન ૨૦ જુલાઈ ૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું. સંતભગવંત સાહેબજીની દિવ્ય પુનિત સન્નિધિમાં આ દિવ્ય ત્રિવેણી ઉત્સવ અતિ આનંદ, ઉત્સાહ અને દિવ્યતાપૂર્વક ઉજવાયો. આ પ્રસંગે ચરોતર, કાનમ અને વાકળ પ્રદેશના મુક્તોએ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને દિવ્ય સત્સંગલાભ મેળવી આનંદ અનુભવ્યો.

આ દિવસે અશ્વિનદાદાના પ્રાગટ્યદિનની સાથે વડોદરા નિવાસી એકાંતિક અક્ષરમુક્ત શંકરકાકા અને તેઓના દીકરા હર્ષભાઈના જન્મદિવસની પણ ઉજવણી કરવામાં આવી. વેમાર અને વડોદરાના બાળમંડળનાં ભૂલકાંઓએ પૂ. અશ્વિનદાદા અને શંકરકાકા માટે સ્વહસ્તે બનાવેલ કલાત્મક બુકે અને હાર અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

આ પ્રસંગે વેમાર ગામના નવા ચૂંટાયેલા સરપંચ શ્રી જયેશભાઈ પટેલ તથા સર્વ સભ્યોનું પૂજન કરી ખેસ-કલગી દ્વારા સન્માન કરવામાં આવ્યું. સંતભગવંત સાહેબજીએ તેઓને સંપ, સુહૃદભાવ અને એકતાથી વિકાસનાં કાર્યો કરવા માટેની પ્રેરણા આપી આશીર્વાદ આપ્યા.

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ અંતર ધગી ના જાય અને મન શાંત રહે તે માટેની રીત બતાવી તેમજ ભગવાનના નામસ્મરણને ગુરુની સ્મૃતિ સાથે કરવાની સમજણ આપી. સંતભગવંત સાહેબજીએ સૌને શ્રાવણ માસમાં એકટાણાં કરવાના, અઠવાડિક સત્સંગસભા અને અડધો કલાક ધૂન કરવાના નિયમો આપ્યા. તેમજ પોતાના ઘર-પરિવારના સભ્યોને પરસ્પર નિર્દોષ અને દિવ્ય માની, સૌના શુભ ગુણોનાં ચિંતવન કરી, તેઓની સુખાકારી માટે ધૂન-પ્રાર્થના કરવાની સુંદર સમજ આપી આશીર્વાદ પાઠવ્યા. સૌ ઉત્સવ ત્રિવેણીનો આનંદ માણી, ધન્યતા અનુભવી વિસર્જિત થયાં. ◆

## સંતભગવંત સાહેબજીનું ધર્મ વિચરણ

સત્પુરુષનું વિચરણ ભક્તોનાં કલ્યાણ માટે હોય છે. તેઓનાં વૈશ્વિક વિચરણ દરમિયાન સંબંધમાં આવેલાં અનંત ચૈતન્યોનાં આધ્યાત્મિક ઉત્થાન કરવા માટે જ સત્પુરુષ અહોરાત્ર ધર્મ વિચરણ કરતા હોય છે. સંતભગવંત સાહેબજીનું વિચરણ પણ તે જ હેતુ અર્થે હોય છે, જેની અનુભૂતિ સૌ કોઈએ કરી છે. તેઓને મન આવી ધર્મયાત્રા તો શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનાં કાર્યને વહેતું રાખવારૂપ ગુરુભક્તિ છે; અને તેવા પરમ ભક્તિભાવે તેઓ વર્ષોવર્ષ વિચરણ કરે છે. આવા જ સ્વામીસેવકભાવે સંતભગવંત સાહેબજી ઈંગ્લૅન્ડની ધર્મયાત્રાએ પધાર્યા.

ઑગસ્ટ માસમાં ડેન્હમ-ઈંગ્લૅન્ડ ખાતે યોજાનાર મંદિરજી દશાબ્દી મહોત્સવ પ્રસંગે પધારતા સંતભગવંત સાહેબજી અને સેવક સંતો-અક્ષરમુક્તોને ૨૪ જુલાઈ ૨૦૨૫ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર રાત્રિસભામાં ભાવભરી વિદાય પાઠવવામાં આવી. સંતોએ પ્રાસંગિક



ઉપાસના ધામ, અમદાવાદ મંદિરે પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિનની ઉજવણી



વેમાર મંદિરે ગુરુહરિ સાહેબજીના સાંનિધ્યે પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિનની ઉજવણી

ભાવવંદના ધરી અને સંતભગવંત સાહેબજીના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાઓ કરી. સંતભગવંત સાહેબજી દ્વારા દેશ-વિદેશમાં વસતા ભક્તોનાં આધ્યાત્મિક ઉત્થાન અર્થે થતાં દિવ્ય કલ્યાણકારી કાર્યોની વાતો સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ કરી. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા અને ગુરુઆજ્ઞાનો મહિમા વર્ણવી સૌને સત્સંગ-સમાગમમાં તરબોળ રહેવાની સમજ આપી. ૨૫ જુલાઈના રોજ સવારે સૌને દર્શન-સમાગમનું સુખ આપી અમદાવાદથી ફ્લાઈટમાં સંતભગવંત સાહેબજી અને સંતો-ભક્તોએ ઈંગ્લૅન્ડ પ્રતિ પ્રયાણ કર્યું.

ઈંગ્લૅન્ડમાં લંડનના હિથ્રો ઍરપૉર્ટ પર સાધુ પૂ. હિંમતદાસજી, સતીશભાઈ ચતવાણી, વિનુભાઈ નકારજા અને મુક્તોએ સંતભગવંત સાહેબજી અને સાથે પધારેલા સંતો-ભક્તોનાં ભાવથી સ્વાગત કર્યાં. ડૅન્હમ સ્થિત અનુપમ મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર પણ સંતો અને સ્થાનિક ભક્તોએ સંતભગવંત સાહેબજીનાં ભવ્ય સ્વાગત કર્યાં. ભક્તોએ હાથમાં ધજા લહેરાવી સંતભગવંત સાહેબજીને વધાવ્યા તો યુવાન દીકરા-દીકરીઓએ મંદિરજીના પ્રાંગણમાં સ્વાગતનૃત્ય કરી ભવ્ય આવકાર આપ્યો. સ્વાગતસભામાં સંતભગવંત સાહેબજીએ સૌના સ્વાગતભાવ ઝીલ્યા અને મહોત્સવનાં આયોજન અર્થે સૌ દ્વારા થતી સેવાભક્તિ માટે રાજીપો વ્યક્ત કરી આશીર્વાદ આપ્યા. ◆

## બ્રહ્મસ્વરૂપ પ.પૂ. સોનાબા જયંતી

ચૈતન્યજનની બ્રહ્મસ્વરૂપ પ.પૂ. સોનાબાના તિથિ મુજબના પ્રાગટ્યદિન શ્રાવણ સુદ બીજ-૨૬ જુલાઈ ૨૦૨૫ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે તેઓની પુનિત સ્મૃતિમાં ભાવવંદના અર્પણ કરવામાં આવી. સવારે શણગાર આરતી બાદ પ.પૂ. સોનાબાના દિવ્ય સમાધિસ્થાને સદ્‌ગુરુ સંતોની પાવન ઉપસ્થિતિમાં સંતો અને સ્થાનિક ભક્તોએ એકત્ર થઈને પૂ. સોનાબા પ્રતિના ભક્તિભાવને વહાવ્યો. પૂ. સોનાબાના મહિમાનાં કીર્તનોનાં શ્રવણ કરી, તેઓને પૂજન અને પુષ્પાર્પણ દ્વારા વંદન-અર્ઘ્ય ધર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી પ.પૂ. સોનાબાના મહિમાની, તેઓ દ્વારા સૌ પર વરસેલ નિતાંત પ્રેમની અને તેઓની ગુરુભક્તિની અદ્‌ભુત વાતો કરી. અનુપમ મિશનના સર્જનમાં અને વ્રતધારી સંતોનાં આધ્યાત્મિક જતનમાં તેઓ દ્વારા અર્પણ કરાયેલ અલૌકિક યોગદાનની સ્મૃતિ કરી પૂ. સોનાબાના પુનિત ચરણે ગદ્‌ગદભાવે પ્રણામ ધર્યાં. અંતે સૌએ ભેગાં મળીને મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી પ્રાર્થનાઓ ધરી. ◆

## ઈંગ્લૅન્ડમાં ગુરુહરિ સાહેબજીના દિવ્ય સાંનિધ્યે ગુરુપૂર્ણિમા ઉત્સવ

સંતભગવંત સાહેબજીની પુનિત ઉપસ્થિતિમાં ૨૭ જુલાઈ ૨૦૨૫ના રોજ ઈંગ્લૅન્ડ સ્થિત અનુપમ મિશન, ડૅન્હમ મંદિરે ગુરુપૂર્ણિમા ઉત્સવ ઉજવાયો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ પધારી પોતાના અંતરના ભક્તિભાવ વહાવ્યા. સભાસંચાલન કરતાં ભાવિશાબહેને ગુરુમહિમાની સુંદર વાતો કરી. ત્યારબાદ સતીશભાઈ ચતવાણીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, 'આપણા માટે આપણા દોષ અને સ્વભાવ ગુરુહરિના ચરણે સમર્પિત કરવા એ ગુરુપૂજન છે' આ પ્રસંગે ખાસ પધારેલ લૉર્ડ ડૉલર પોપટે પોતાના વક્તવ્યમાં ગુરુપ્રાપ્તિ અને ગુરુમહિમાનાં ગાન કર્યાં. સાધુ પૂ. હિંમતદાસજીએ પ્રાસંગિક મહિમા ગાયો અને સંતભગવંત સાહેબજીના આગમનના આનંદને પણ વ્યક્ત કર્યો. સાધુ પૂ. હરેશદાસજીએ ગુરુમહિમાનાં કીર્તનગાન કરી ભક્તિ રેલાવી. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પાઠવ્યા અને જીવનમાં ગુરુ પ્રધાન સ્થાને હોય તો જીવનનું કલેવર બદલાય અને પ્રભુની પ્રાપ્તિ સુગમ બને તેની અદ્‌ભુત સમજ





ડૅન્હમ, ઈંગ્લૅન્ડ મંદિરજી દશાબ્દી મહોત્સવ પ્રસંગે પધારતા ગુરુહરિ સાહેબજી અને સંતો-ભક્તોને ભાવભરી વિદાય-શુભેચ્છા અર્પણ

આપી. અંતે સૌએ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં પ્રાસાદિક ચરણારવિંદનાં પૂજન કરી, સંતભગવંત સાહેબજીનાં શ્રી ચરણોમાં પુષ્પો ધરી ગુરુપૂજનનાં ભાવવંદન ધર્યાં.

આ પ્રસંગે કિશોરભાઈ ગોકલ, રસિકભાઈ કંથારિયા, ભરતભાઈ સોઢા, નજમુભાઈ વિરાણી, તાનીદીદી, સંઘરાજકા પરિવાર, લૉર્ડ ડૉલર પોપટ આદિ મહાનુભાવો સહિત ખૂબ મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહીને ગુરુપૂર્ણિમા ઉત્સવનો અનેરો લાભ લીધો. ◆

## શ્રાવણ માસ સમૂહ મહાપૂજા

* **ચરોતર પ્રદેશ :** સદ્‌ગુરુ સાધુઓ પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા, પૂ. હર્ષદદાદાનાં દિવ્ય સાંનિધ્યે તથા અનુપમ મિશનના વ્રતધારી સંતોની પુનિત ઉપસ્થિતિમાં ચરોતર પ્રદેશની શ્રાવણ માસની સમૂહ મહાપૂજા ૨૭ જુલાઈ ૨૦૨૫ના રોજ સંપન્ન થઈ. આ પ્રસંગે આણંદ, વલ્લભવિદ્યાનગર, મોગરી, કરમસદ, ખંભાત, નડિયાદ, વણસોલ આદિ મંડળોનાં ૧૦૦ જેટલાં યુગલ યજમાનોએ મહાપૂજામાં યજમાનપદે બિરાજી મહાપૂજા વિધિ કરવાનો લાભ મેળવ્યો. સાધુ પૂ. સરજુદાસજી અને પૂ. તુષારદાસજીએ અત્યંત ભાવથી મહાપૂજા વિધિ કરાવી, જેમાં સૌ યજમાન અક્ષરમુક્તોએ અત્યંત શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો. મહાપૂજા બાદ અભ્યાસમાં ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરેલ ચરોતર પ્રદેશની તેજસ્વી દીકરીઓને 'પરમ પૂજ્ય સોનાબા કેળવણી કૌશલ્ય પુરસ્કાર' તથા દીકરાઓને 'સંતભગવંત સાહેબજી કેળવણી કૌશલ્ય પુરસ્કાર' અર્પણ કરાયા અને તેઓની શૈક્ષણિક સિદ્ધિઓ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યાં. પુલીનભાઈ દ્વારા પ્રાસંગિક ધન્યભાવ વ્યક્ત કરાયો. અંતે, સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકા અને પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદમાં પારિવારિક જીવન અધ્યાત્મકેન્દ્રી બની રહે તે માટે માર્ગદર્શન આપ્યાં. ◆

* **કચ્છ પ્રદેશ :** ૨૭ જુલાઈ ૨૦૨૫, રવિવારના રોજ સાધુ પૂ. પંકજદાસજી, પૂ. અશોકદાસજી (માણાવદર), પૂ. નિખિલદાસજી અને પૂ. કીર્તનદાસજીનાં સાંનિધ્યે કચ્છ પ્રદેશની શ્રાવણી સમૂહ મહાપૂજા ઉપાસના ધામ, શિણાય ખાતે સંપન્ન થઈ. આ મહાપૂજામાં ૮૫ જેટલા યુગલ ભક્તોએ યજમાન સ્વરૂપે લાભ લીધો. સાધુ પૂ. પંકજદાસજીએ આચાર્યપદે બિરાજી અત્યંત ભક્તિભાવે મહાપૂજા કરાવી સૌને ભક્તિરસમાં તરબોળ કર્યાં તેમજ સાધુ પૂ. અશોકદાસજીએ આશીર્વાદ પાઠવી સૌની ભક્તિને બિરદાવી. ત્યારબાદ સંતોએ ઉપસ્થિત સૌ ભક્તોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

* **અમદાવાદ પ્રદેશ :** ૨૭ જુલાઈ ૨૦૨૫, રવિવારના રોજ ઉપાસના ધામ, અમદાવાદ ખાતે સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. ગિરીશદાસજી, પૂ. સતીશદાસજી અને પૂ. ઉત્પલદાસજીનાં સાંનિધ્યે શ્રાવણ માસની સમૂહ મહાપૂજાનું ભવ્ય આયોજન થયું. ઉપાસના ધામના પ્રાંગણમાં વૉટરપ્રૂફ મંડપમાં ૧૦૮ યુગલ યજમાનોએ મહાપૂજા વિધિનો લાભ લીધો. સાધુ પૂ. ઉત્પલદાસજી અને કલ્પેશભાઈ વ્યાસે આચાર્ય તરીકે મહાપૂજા વિધિ કરાવી. મહાપૂજા બાદ અમદાવાદ પ્રદેશનાં તેજસ્વી બાળકોને અભ્યાસમાં ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરવા બદલ કેળવણી કૌશલ્ય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા. ત્યારબાદ સાધુ પૂ. સતીશદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં અને સાધુ પૂ. ગૌતમદાસજીએ સૌને આશીર્વાદ આપ્યા. ◆

આ ઉપરાંત, સંતોનાં સાંનિધ્યે અનુપમ મિશનનાં દેશ-વિદેશનાં ઉપાસના ધામ-ખારઘર, મોરબી, જૂનાગઢ, ભીંગરાડ, રાજકોટ, સાઠંબા, વૅનકુંવર આદિ કેન્દ્રોમાં પણ સમૂહ મહાપૂજા સંપન્ન થઈ, જેમાં સ્થાનિક ભક્તોએ ઉત્સાહભેર ભાગ લઈ સુંદર ભક્તિ અદા કરી. ◆



સંતોનાં સાંનિધ્યે ચરોતર, કચ્છ, અમદાવાદ પ્રદેશમાં શ્રાવણ માસ નિમિત્તે સમૂહ મહાપૂજા ભક્તિ અર્પણ

# ભારત સ્થિત અનુપમ મિશનનાં વિવિધ કેન્દ્રોમાં અર્પણ

# હિંડોળા ભક્તિ



બ્રહ્મજ્યોતિ, મોગરી




ઉપાસના ધામ, અમદાવાદ




ઉપાસના ધામ, વેમાર



ઉપાસના ધામ, સુરત



ઉપાસના ધામ, મુંબઈ



ઉપાસના ધામ, અંકલેશ્વર



દહેગામ



ભીંગરાડ





ડેન્હમ, ઈંગ્લૅન્ડની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સંતભગવંત સાહેબજી અને સંતો-ભક્તોનાં ઉષ્માપૂર્ણ સ્વાગત



સ્વાગતસભામાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન



ડેન્હમ, ઈંગ્લૅન્ડ મંદિરે ગુરુપૂર્ણિમા ઉત્સવસભામાં સાહેબજીનાં આશીર્દાન



ઈંગ્લૅન્ડ મંદિરે સંતો દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે ભાવવંદન !



સંતો-ભક્તો દ્વારા શ્રી ગુરુચરણે હૃદયભાવ અર્પણ


**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-8-2025 * Office of Origin : Vallabh vidhyanagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008



**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345, Dist. Anand, Gujarat, India * Phone : (02692) 230483, 230544**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**